RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 011 Dt. 30-07-2025 Page : 08 Price : Rs 3








Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# ઓપરેશન સિંદૂર સમાપ્ત કરવા કોઈએ કહ્યું નથી : મોદી

## વડાપ્રધાન મોદીની આ ટિપ્પણી વિપક્ષના આરોપો વચ્ચે આવી છે કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ કરાર અમેરિકાના દબાણ હેઠળ થયો હતો

નવીદિલ્હી, તા. ૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિશ્વના કોઈપણ નેતાએ ભારતને ઓપરેશન સિંદૂર બંધ કરવા કહ્યું નથી. વડાપ્રધાન મોદીની આ ટિપ્પણી વિપક્ષના આરોપો વચ્ચે આવી છે કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ કરાર અમેરિકાના દબાણ હેઠળ થયો હતો. તેમણે કહ્યું કે પાકિસ્તાને જ ભારતને ઓપરેશન સિંદૂર બંધ કરવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે તેઓ તેને વધુ સહન કરી શકતા નથી. તેમણે કહ્યું કે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ સાથેની વાતચીત દરમિયાન ભારતે પોતાનો વલણ સ્પષ્ટ કરી દીધું છે કે જો પાકિસ્તાન હુમલો કરશે તો ભારત મોટા હુમલાથી જવાબ આપશે.

લોકસભામાં ઓપરેશન સિંદૂર પરની વિશેષ ચર્ચાનો જવાબ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ ઓપરેશન દરમિયાન ભારતે પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો. તેમણે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો અને ભારતીય સશસ્ત્ર દળોએ માત્ર ૨૨ મિનિટમાં ૨૨મા આતંકવાદી હુમલાનો બદલો લીધો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે દુનિયાને બતાવી દીધું છે કે તે પાકિસ્તાનના પરમાણુ બ્લેકમેલ સામે ઝૂકશે નહીં. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે જો ભારત પર કોઈ આતંકવાદી હુમલો થશે તો તે પોતાની રીતે જવાબ આપશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત આતંકવાદને સમર્થન આપતી સરકારો અને આતંકવાદી માસ્ટરમાઇન્ડ્સને બે અલગ અલગ સંસ્થાઓ તરીકે જોશે નહીં.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, દુનિયાએ આત્મનિર્ભર ભારતની શક્તિ જોઈ અને ભારતમાં બનેલા ડ્રોન અને મિસાઇલોએ પાકિસ્તાની શસ્ત્રો અને દારૂગોળાની ક્ષમતાઓને ઉજાગર કરી. તેમણે કહ્યું કે દેશના દળોએ ઓપરેશન સિંદૂર દરમિયાન આયોજિત કાર્યવાહીને ચોકસાઈથી પાર પાડી હતી અને પાકિસ્તાન તેને રોકવામાં અસમર્થ હતું. તેમણે વધુમાં કહ્યું કે આ કાર્યવાહીમાં પાકિસ્તાનના હવાઈ મથકો અને સંપત્તિઓને ભારે નુકસાન થયું છે. પ્રધાનમંત્રીએ કોંગ્રેસ પર ઓપરેશન સિંદૂર પર દેશને સમર્થન ન આપવાનો આરોપ લગાવ્યો.તેમણે કહ્યું, ‘‘ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતને બધા દેશોનો ટેકો મળ્યો, પરંતુ સશસ્ત્ર દળોની બહાદુરીને ટેકો મળ્યો નહીં.‘‘ તેમણે કહ્યું કે ભારત આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ કોંગ્રેસ પાકિસ્તાન પાસેથી મુદ્દાઓ આયાત કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટી પાસે દેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે ક્યારેય સ્પષ્ટ વિઝન નહોતું અને કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારોના નબળા શાસનને કારણે આતંકવાદી હુમલાઓમાં ઘણા નાગરિકોના જીવ ગયા છે.

ગૃહમંત્રીએ કહ્યું કે દેશના સુરક્ષા દળોએ માત્ર આતંકવાદીઓને જ ખતમ કર્યા નહીં પરંતુ તેમને મોકલનારાઓને પણ નિશાન બનાવ્યા. તેમણે વધુમાં કહ્યું કે જે દિવસે લશ્કર-એ-તૈયબાએ હુમલાની જવાબદારી લીધી, તે જ દિવસે સરકારે દેશના સશસ્ત્ર દળોને ન્યાય અપાવવાની જવાબદારી સોંપી.

### આતંકવાદી હુમલા પછી, સુરક્ષા એજન્સીઓ ભૌતિક અને ઇલેક્ટ્રોનિક દેખરેખ દ્વારા આતંકી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહી હતી

# ઓપરેશન મહાદેવ : ૯૮ દિવસ બાદ પહેલગામનો બદલો લેવાયો



નવીદિલ્હી, તા. ૨૯

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો આખરે સુરક્ષા દળોએ બદલો લીધો. શ્રીનગરની બહારના ભાગમાં હરવાન નજીક લિડવાસના જંગલ વિસ્તારમાં એક એન્કાઉન્ટર દરમિયાન, સેનાના જવાનોએ પહેલગામ હુમલાના માસ્ટરમાઇન્ડ સુલેમાન શાહ ઉર્ફે હાશિમ મુસા સહિત ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા. આ એન્કાઉન્ટરને ઓપરેશન મહાદેવ નામ આપવામાં આવ્યું હતું. દરમિયાન, સેનાના ઓપરેશન મહાદેવ અંગે કહેવામાં આવી રહ્યું છે કે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતીય સુરક્ષા એજન્સીઓ ભૌતિક અને ઇલેક્ટ્રોનિક દેખરેખ દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહી હતી. ૨૨ જુલાઈના રોજ, આ કોમ્યુનિકેશન સિસ્ટમ દ્વારા આતંકવાદીઓ વિશે સંકેતો મળી આવ્યા હતા.

આ દરમિયાન, ભારતીય સુરક્ષા એજન્સીઓને ચીની અલ્ટ્રા રેડિયો કોમ્યુનિકેશન સક્રિય હોવાના મજબૂત સંકેત મળ્યા. ચાઈનીઝ અલ્ટ્રા રેડિયો કોમ્યુનિકેશન સક્રિય હોવાના સંકેત મળતાં જ સુરક્ષા એજન્સીઓ એક્શનમાં આવી ગઈ અને ઓપરેશન મહાદેવ શરૂ કરવામાં આવ્યું. લશ્કર-એ-તૈયબા આ ચાઈનીઝ અલ્ટ્રા રેડિયોનો ઉપયોગ એન્ક્રિપ્ટેડ સંદેશાઓ માટે કરે છે. ૨૦૧૬ માં તેને WY SMS પણ કહેવામાં આવતું હતું.

‘અલ્ટ્રા સેટ સરહદ પાર સ્થિત કંટ્રોલ સ્ટેશન સાથે જોડાયેલ છે.’ માહિતી અનુસાર, બે અલગ અલગ અલ્ટ્રા સેટ એકબીજાનો સીધો સંપર્ક કરી શકતા નથી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચીની ઉપગ્રહોનો ઉપયોગ હેન્ડસેટમાંથી પાકિસ્તાનમાં માસ્ટર સર્વર પર આ સંદેશાઓ ટ્રાન્સમિટ કરવા માટે થાય છે. આ સંદેશાઓને ખૂબ જ નાના બાઈટ્સમાં રૂપાંતરિત કરીને મોકલવામાં આવે છે. તેઓ સંદેશા મોકલવા અને પ્રાપ્ત કરવા માટે રેડિયો તરંગોનો ઉપયોગ કરે છે. GSM અથવા CDMA જેવી સામાન્ય મોબાઇલ ટેકનોલોજીઓથી વિપરીત, તેઓ એક અલગ પ્રકારની ખાસ સંચાર ટેકનોલોજી પર કામ કરે છે. અલ્ટ્રા સેટ એક પ્રકારનું અનોખું સંચાર મિકેનિઝમ છે. હકીકતમાં, આ સંદેશાવ્યવહાર પ્રણાલી ચીને પાકિસ્તાની સેના માટે બનાવી હતી, પરંતુ તેનો ઉપયોગ મોટાભાગે સરહદ પારથી આવતા લશ્કર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવે છે. ગયા વર્ષે પણ જુલાઈમાં પૂંછમાં થયેલા એન્કાઉન્ટર દરમિયાન માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી ચાઈનીઝ અલ્ટ્રા સેટ રેડિયો કોમ્યુનિકેશન મળી આવ્યું હતું.

# સ્વિસ બેંકોમાં ભારતીયોના નાણામાં જબરો વધારો

## સરકાર પાસે આ કેટલા પૈસા છે અને કોના પૈસા છે તેની માહિતી નથી




નવીદિલ્હી, તા. ૨૯

છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા જમા કરાયેલા નાણાંમાં વધારો થયો છે. કેન્દ્ર સરકારે મીડિયા રિપોર્ટ્સના આધારે સ્વીકાર્યું છે કે સ્વિસ બેંકોમાં ભારતીયોના પૈસા છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં વધ્યા છે, પરંતુ સરકાર પાસે આ કેટલા પૈસા છે અને કોના પૈસા છે તેની માહિતી નથી. રાજ્યસભાના સાંસદ જોન બ્રિટાસના પ્રશ્નના જવાબમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આ માહિતી આપી છે. નાણા રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે સ્વિસ નેશનલ બેંક (જીાઇ) ના ડેટા પર આધારિત કેટલાક મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે ૨૦૨૪ ની સરખામણીમાં ગયા વર્ષે સ્વિસ બેંકોમાં ભારતીયોના નાણાંની માત્રામાં વધારો થયો છે. તેમણે એમ પણ કહ્યું કે સ્વિસ અધિકારીઓએ પોતે સ્પષ્ટતા કરી છે કે જીાઇ ના આ આંકડા ફક્ત ભારતીય રહેવાસીઓની થાપણો દર્શાવતા નથી.

મંત્રી પંકજ ચૌધરીએ જીાઇ ડેટા પર આધારિત અહેવાલો ટાંક્યા. તેમણે એમ પણ કહ્યું કે આ આંકડાઓનો ઉપયોગ ભારતીયો પાસે રહેલા કાળા નાણાંની રકમનો અંદાજ કાઢવા માટે ન કરવો જોઈએ. મંત્રીના જણાવ્યા મુજબ, જીાઇ ડેટામાં ગ્રાહક થાપણો (કોઈપણ દેશમાં સ્થિત સ્વિસ બેંકોની વિદેશી શાખાઓમાં થાપણો સહિત) અને અન્ય જવાબદારીઓના સંદર્ભમાં ચૂકવવાપાત્ર રકમનો સમાવેશ થાય છે. આનો અર્થ એ થયો કે સ્વિસ બેંકોમાં રહેલા બધા પૈસાને કાળા નાણાં ગણવા જોઈએ નહીં. આ સાથે, મંત્રીએ ગૃહને એ પણ જણાવ્યું કે સ્વિસ બેંકોમાંથી કેટલું કાળું નાણું પાછું આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે બ્લેક મની એક્ટ (ઇખઅ), ૨૦૧૫ ના અમલીકરણ પછી, ૨૦૧૫ માં ૩ મહિનાની વન-ટાઇમ કમ્પ્લાયન્સ વિન્ડો દરમિયાન, ૬૮૪ ખુલાસાઓમાં ૪,૧૬૪ કરોડ રૂપિયાની અઘોષિત વિદેશી સંપત્તિ જાહેર કરવામાં આવી હતી, જેના પર ૨,૪૭૬ કરોડ રૂપિયાનો કર અને દંડ વસૂલવામાં આવ્યો હતો. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં, ઇખઅ હેઠળ ૧,૦૨૧ મૂલ્યાંકન પૂર્ણ થયા હતા.

સરકારના મતે, સ્વિસ બેંકોમાં પૈસા જમા કરાવવા એ ગુનો નથી અને સ્વિસ બેંકોમાં જમા થયેલા બધા પૈસા કાળું નાણું નથી. જો તે જમા કરાયેલા પૈસા પર સમયસર ટેક્સ ચૂકવવામાં આવે તો તેને કાળું નાણું ગણવામાં આવશે નહીં. એટલે કે, જો કોઈએ આ પૈસા યોગ્ય રીતે કમાયા હોય અને તેના માટે ટેક્સ પણ ચૂકવ્યો હોય, તો તેને ત્યાં ખાતું ખોલવાનો સંપૂર્ણ અધિકાર છે. સરકારે સંસદમાં સ્પષ્ટપણે કહ્યું કે જીાઇ ડેટા જોઈને એવો દાવો ન કરી શકાય કે આ બધું કાળું નાણું છે.

# રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવેનો મુદ્દો સંસદમાં ગાજ્યો

## કેન્દ્રીય પરિવહન મંત્રીએ કહ્યું રાજકોટ બામણબોર વચ્ચે હજુ એક બ્રિજ બનવાનો બાકી : પ્રોજેક્ટ ૨૦૨૦માં થવાનો હતો પૂર્ણ પણ વધુ પાંચ વર્ષનો વીતી ગયો સમય

રાજકોટ, તા. ૨૯

લોકસભામાં પણ ગુજરાતના રસ્તાઓની ચર્ચા થઈ છે ખુદ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પણ સ્વીકાર્યું કે રાજકોટ અમદાવાદ સિક્સલેન હાઈવે નું જે કામ થઈ રહ્યું છે તેમાં જે ગતિ હોવી જોઈએ તે નથી. અડધી માહિતી મુજબ ગઈકાલે કેન્દ્રીય પરિવાર મંત્રી દ્વારા રાજકોટ થી બામણબોર તથા બામણબોર થી સાયલાના બે ભાગમાં જે પુલ બ્રિજ અને ફ્લાયઓવરનું કામ બાકી છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. અન્ય ત્રણ ભાગોમાં સર્વિસ રોડ તથા જંકશનના કામો બાકી હોવાનું પણ માલુમ પડ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટને ૨૦૨૦ માં પૂર્ણ કરવાનો હતો પરંતુ હજુ આ કાર્ય પૂરું થયું નથી અને પરિણામ સ્વરૂપે કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

હાલ ચાલી રહેલા સંસદમાં પરિવહન મંત્રીએ જણાવ્યું કે આજે સિક્સલેન હાઈવે જે રાજકોટ અમદાવાદ વચ્ચે બની રહ્યો છે તેનો નોંધપાત્ર ભાગ પૂર્ણ થયો છે એટલું જ નહીં ઘણા ખરા ભાગો માં કામ હજુ પણ પ્રગતિ હેઠળ જોવા મળી રહ્યું છે. આ અંગે તેઓ જણાવ્યું હતું કે જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે તે આશરે ૨૦૦ કીમીને આવરી લે તે મુજબનો છે.



અમદાવાદથી બગોદરા સુધીના પહેલા ૪૦ કિલોમીટરના ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને હાલમાં સર્વિસ રોડ પર કામ ચાલી રહ્યું છે. તેવી જ રીતે, બગોદરાથી લીંબડી સુધીના ૪૩ કિલોમીટરના ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને સર્વિસ રોડનું બાંધકામ ચાલુ છે.વધુમાં, લીંબડી અને સાયલા વચ્ચેના ૩૮.૯૫ કિમી લાંબા ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, જેમાં સર્વિસ રોડ અને જંકશન સુધારણા પર વિવિધ કામ ચાલી રહ્યા છે.

હવે, છેલ્લા બે વિભાગોમાં, ફક્ત કેટલાક મુખ્ય કાર્યો બાકી છે. સાયલાથી બામણબોર (૩૭.૬૨ કિમી) સુધી, લગભગ ૩૭ કિમી પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બે નાના પુલનું કામ હજુ પણ ચાલુ છે. દરમિયાન, રાજકોટથી બામણબોર સેક્શન (૩૦.૫૮ કિમી) માં, આશરે ૨૮.૩૮ કિમી પૂર્ણ થઈ ગયું છે, જેમાં હડારિયો મેજર બ્રિજ, કુવાડવા ફ્લાયઓવર અને ટોલ પ્લાઝાનું કામ હજુ પણ ચાલુ છે.

આ પ્રોજેક્ટ, જેની સંયુક્ત કરાર કિંમત રૂા.૨,૧૦૦ કરોડથી વધુ છે, તેનો ઉદ્દેશ્ય અમદાવાદ અને રાજકોટ વચ્ચે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરવાનો, મુસાફરીનો સમય ઘટાડવાનો અને ગુજરાતના મુખ્ય આર્થિક કોરિડોર પૈકીના એક પર ટ્રાફિક ભીડ ઘટાડવાનો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બાકીના માળખા અને સર્વિસ રોડ પૂર્ણ થયા પછી, સમગ્ર પટ્ટો સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે, જે મુસાફરો અને માલસામાન બંને માટે સરળ અને સુરક્ષિત મુસાફરી પ્રદાન કરશે.



# અંબાજીના વિકાસ માટે ૧૬૩૨ કરોડનો માસ્ટર પ્લાન

## અંબાજી મંદિરથી ગબ્બર સુધી બનશે ભવ્ય કોરિડોર : મેળા-ગરબા માટે ઈવેન્ટ પ્લાઝા, શ્રદ્ધાળુને મળશે યાત્રી નિવાસ સુવિધા : ત્રણ ગણુ વિસ્તરશે ચાચર ચોક, વિવિધ સરોવરોનું થશે સૌંદર્યીકરણ

રાજકોટ, તા. ૨૯

અરવલ્લીની પર્વતમાળાનું આધ્યાત્મિક કેન્દ્રબિંદુ એટલે અંબાજી માતા મંદિર. ગુજરાત સહિત સમગ્ર દેશ અને વિશ્વમાં જાણીતાં તથા કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનાં પ્રતીક અંબાજી યાત્રાધામ ખાતે ભાદરવી પૂનમના મેળા સહિત તમામ પૂનમે અને લગભગ આખું વર્ષ પણ લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યાત્રાધામનો બહુમુખી વિકાસ થતો રહ્યો છે અને રાજ્ય સરકાર હવે અંબાજી યાત્રાધામને મોડેલ ટેમ્પલ ટાઉનના બેન્ચમાર્ક તરીકે વિકસાવવા માંગે છે. તેના માટે રાજ્ય સરકારે રૂ. ૧૬૩૨ કરોડનો મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ માસ્ટર પ્લાનના અમલીકરણ પર સીધી દેખરેખ રાખી રહ્યાં છે, તો રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પણ તાજેતરમાં માસ્ટર પ્લાનના અમલીકરણ અંગે મહત્વની બેઠક કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં, ત્યારે તેમણે પણ અંબાજીના વિકાસ માટે અનેક સફળ પ્રયાસો હાથ ધર્યા હતાં. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા બાદ 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર આપી સમગ્ર દેશના આસ્થા કેન્દ્રોનુ અભૂતપૂર્વ વિકાસ અભિયાન ચલાવ્યું છે. વડાપ્રધાનના આ જ મંત્રને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ રાજ્યના તમામ યાત્રાધામોને શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્ર બનાવવા માટે અનેક પગલાં ભરી રહ્યાં છે.

તદ્અનુસાર; રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અરવલ્લી પર્વતમાળા વચ્ચે આવેલા અંબાજી માતા મંદિર પરિસરને આગામી ૫૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે કે જે બે તબક્કામાં લાગુ થશે. પહેલા તબક્કાનું કામ આગામી ટુંક સમયમાં શરૂ થઈ જશે. માસ્ટર પ્લાન હેઠળ સમગ્ર અંબાજી યાત્રાધામની વિવિધ જરૂરિયાતોનો સમાવેશ અને સંકલન કરવામાં આવ્યો છે. આ માસ્ટર પ્લાનનો હેતુ પવિત્ર સ્થળોને એકીકૃત કરીને અને યાત્રાળુઓની સુવિધાઓમાં સુધારો કરીને યાત્રાધામો માટે નવું ધોરણ (બેન્ચમાર્ક) સ્થાપિત કરવાનો છે.

રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ આ સમગ્ર માસ્ટર પ્લાન પર કાર્ય કરી રહ્યું છે. માસ્ટર પ્લાનના કેન્દ્રમાં ગબ્બર પર્વત છે કે જ્યાં દેવી સતીનું હૃદય હોવાનું માનવામાં આવે છે અને અંબાજી માતાનું મંદિર કે જે વિશા યંત્રનું સ્થાન છે. આ માસ્ટર પ્લાન આધ્યાત્મિક રીતે આ બંને પવિત્ર સ્થળોના એકીકરણની કલ્પના કરે છે કે જેના હેઠળ આ બંને તીર્થસ્થળોને ભવ્ય અને દિવ્ય રીતે જોડવામાં આવશે અને અંબાજી મંદિર અને ગબ્બર પર આવેલી જ્યોત વચ્ચેની યાત્રાને વધુ આધ્યાત્મિક બનાવવા માટે એક ઈન્ટરએક્ટિવ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે.

### માસ્ટર પ્લાન હેઠળ વધુ ઉન્નત બનશે અંબાજી યાત્રાધામ પરિસર

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી પ્રમાણે અંબાજી મંદિર પરિસર માટે એક કોમ્પ્રિહેન્સિવ અને સસ્ટેનેબલ માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે કે જે પર્યાવરણીય જવાબદારીને પ્રાથમિકતા આપે છે અને ૫૦ વર્ષીય વિઝન સાથે સંરેખિત છે. આ માસ્ટર પ્લાન હાલની સુવિધાઓને રિડેવલપ તથા યાત્રાળુના આગમન અનુભવને એક યાદગાર યાત્રા બનાવશે. માતા સતીનું હૃદય સ્થળ એટલે કે ગબ્બર ખાતે 'જ્યોત' અને અંબાજી મંદિર ખાતે 'વિશા યંત્ર' જેવા મુખ્ય દિવ્ય સ્થળો વચ્ચે સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુલભ જોડાણ સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ચાચર ચોક અને ગબ્બર મંદિર પરિસર જેવા મહત્વના વિસ્તારોમાં વિષય આધારિત વિકાસ કરાશે કે જે યાત્રાળુઓના દર્શન અનુભવને વધુ સમૃદ્ધ બનાવશે.

### શક્તિ કોરિડોર સહિત અનેક નવી સુવિધાઓ ઉમેરાશે

અંબાજી નગરની આધ્યાત્મિક મહત્તા અને સુંદરતાને વધુ ઊંચાઈ આપનાર અને વૈશ્વિક ધોરણના આધ્યાત્મિક વિકાસ માટે નવો માળખાકીય માપદંડ સ્થાપિત કરનાર આ માસ્ટર પ્લાન પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૧૬૩૨ કરોડ છે કે જે બે તબક્કાઓમાં અમલમાં મૂકાશે. પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૯૫૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે. પ્રથમ તબક્કાની કામગીરી ટુંક સમયમાં શરૂ થઈ જશે કે જેના હેઠળ મુખ્ય આકર્ષણ છે અંબાજી મંદિર અને ગબ્બરને જોડતાં શક્તિ કોરિડોરનું નિર્માણ. આ શક્તિ કોરિડોર એક મુખ્ય આકર્ષણ છે, જે ગબ્બર પર્વત, મંદિર અને માનસરોવરને જોડતું કોમ્પ્રિહેન્સિવ નેટવર્ક હશે. શક્તિપથ દ્વારા એક વિશાળ શક્તિ ચોક જે ગબ્બર દર્શન ચોક સાથે જોડશે. બીજા તબક્કામાં અંદાજે રૂ. ૬૮૨ કરોડના ખર્ચે ગબ્બર મંદિર અને પરિસર વિકાસ, અંબાજી મંદિર અને માનસરોવરના વિસ્તાર વિકાસ તથા સતી સરોવર વિકાસ કાર્યો કરાશે.

### ચાચર ચોકનું વિસ્તરણ, ગેલેરી જેવા આકર્ષણો

માસ્ટર પ્લાન હેઠળ યાત્રાળુઓના સુરક્ષિત અને સરળ પ્રવાહને સુનિશ્ચિત કરવાની સાથે તેમની સુવિધાઓ વધારવામાં આવશે. ચાચર ચોકનું વિકાસ ત્રણ ગણુ વિસ્તરણ કરાશે. આ શક્તિ કોરિડોરમાં ગબ્બર પર્વત સાથે જોડાતી ગેલેરીઓ, પ્રદર્શન સ્થળો અને પૌરાણિક વાર્તાઓ દર્શાવતા ભીંતચિત્રો યાત્રાળુઓને ભાવનાત્મક રીતે જોડશે. સતી સરોવર અને સતી ઘાટ વિસ્તારમાં તહેવારો અને મેળાઓ માટે ઈવેન્ટ પ્લાઝા અને ગરબા મેદાન વિકસાવામાં આવશે. ગબ્બર પર્વત પર માસ્ટર પ્લાનમાં મંદિરના સંકુલનો વિસ્તાર, પરિક્રમા માર્ગ, રોપવે તથા દર્શનાર્થીઓની ભીડને સંકલન કરવામાં આવશે.



# રશિયાનો યુક્રેન પર ફરી મોટો હુમલો

## યુક્રેનની જેલ પર રશિયન હવાઈ હુમલામાં ૧૭ કેદીઓના મોત

નવીદિલ્હી, તા. ૨૯

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ છે. યુદ્ધના તાજેતરના દિવસોમાં, રશિયા દ્વારા યુક્રેનના ઘણા શહેરો પર ઘાતક હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, રશિયાએ ફરી એકવાર યુક્રેન પર મોટો હુમલો કર્યો છે. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે જેલ પર રશિયન હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૭ કેદીઓ માર્યા ગયા હતા અને ૮૦ થી વધુ ઘાયલ થયા હતા. રશિયાએ યુક્રેનના દક્ષિણ-પૂર્વ ઝાપોરિઝિયા ક્ષેત્રમાં એક જેલને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા છે. યુક્રેનની 'સ્ટેટ ક્રિમિનલ એક્ઝિક્યુટિવ સર્વિસ' અનુસાર, આ હુમલો સોમવારે મોડી રાત્રે કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન, જેલને નિશાન બનાવીને ચાર બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૪૨ કેદીઓને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ૪૦ અન્ય લોકોને અન્ય પ્રકારની ઈજાઓ થઈ છે.

યુક્રેનની સ્ટેટ ક્રિમિનલ એક્ઝિક્યુટિવ સર્વિસે જણાવ્યું હતું કે હુમલામાં જેલનો ડાઈનિંગ રૂમ નાશ પામ્યો હતો અને એક વહીવટી ઈમારતને નુકસાન થયું હતું, પરંતુ જેલની સરહદની આસપાસની વાડ સુરક્ષિત હતી અને કોઈ કેદી ભાગી ગયો હોવાના અહેવાલ નથી. યુક્રેનિયન અધિકારીઓએ આ હુમલાની નિંદા કરતા કહ્યું કે જેલ જેવા નાગરિક માળખાને નિશાન બનાવવું એ આંતરરાષ્ટ્રીય સંધિઓ હેઠળ યુદ્ધ અપરાધ છે. દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં યુક્રેને પણ રશિયા સામે બદલો લીધો હતો. યુક્રેને રશિયા પર ઘાતક ડ્રોન હુમલો કર્યો. રશિયાના સ્ટેવ્રોપોલ ક્ષેત્રમાં યુક્રેનિયન ડ્રોન દ્વારા રેડિયો અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ સાધનોના પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો. યુક્રેનિયન ડ્રોન હુમલામાં રશિયાને ભારે નુકસાન થયું છે. રશિયા આ પ્લાન્ટમાં મોટા પાયે ઈલેક્ટ્રોનિક યુદ્ધ સાધનોનું ઉત્પાદન કરતું હતું. જેમાં રડાર, રેડિયો નેવિગેશન સાધનો અને રિમોટ કંટ્રોલ રેડિયો સાધનોનો સમાવેશ થાય છે.

# ગંભીરે પાંચમી ટેસ્ટ પહેલા કર્યો ઝઘડો

## ગંભીરનો ઓવલના ગ્રાઉન્ડ સ્ટાફ સાથે ઝઘડો થયો હતો : બંને વચ્ચેનો મામલો એટલો વધી ગયો કે મધ્યસ્થી જરૂરી બની ગઈ

નવીદિલ્હી, તા. ૨૯

ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પાંચમી ટેસ્ટ પહેલા ઝઘડો કરી રહ્યા છે. ગંભીરનો ઓવલના ગ્રાઉન્ડ સ્ટાફ સાથે ઝઘડો થયો હતો. રિપોર્ટ અનુસાર, બંને વચ્ચેનો મામલો એટલો વધી ગયો કે મધ્યસ્થી જરૂરી બની ગઈ. ટીમ ઈન્ડિયા ૨૮ જુલાઈના રોજ માન્ચેસ્ટરથી લંડન પહોંચી હતી, જ્યાં તેનું પહેલું પ્રેક્ટિસ સત્ર મંગળવારે એટલે કે ૨૯ જુલાઈના રોજ હતું. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ પ્રેક્ટિસ સુવિધાઓથી ખુશ ન હતા. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ લંડનના કેનિંગ્ટન ઓવલ સ્ટેડિયમમાં રમાશે. પરંતુ આ મેચ પહેલા એક હંગામાએ બધાનું ધ્યાન ખેંચ્યું છે. ગૌતમ ગંભીર અને ઓવલ ગ્રાઉન્ડ સ્ટાફ વચ્ચેની લડાઈએ આ શ્રેણીના વાતાવરણને વધુ ગરમ કરી દીધું છે. હકીકતમાં, ગંભીર મુલાકાતી ટીમને આપવામાં આવતી સુવિધાઓથી નાખુશ હોવાનું કહેવાય છે. જે પછી તેમણે ગ્રાઉન્ડ સ્ટાફ સાથે વાત કરી. પરંતુ વાતચીત એક મોટા વિવાદમાં ફેરવાઈ ગઈ. ગંભીર વારંવાર ગ્રાઉન્ડ સ્ટાફ પર આંગળી ચીંધતો અને બૂમો પાડતો જોવા મળ્યો.

અહેવાલો અનુસાર, દલીલ દરમિયાન, ઓવલ ગ્રાઉન્ડ સ્ટાફે ગૌતમ ગંભીર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની ધમકી આપી હતી. જેના પછી ગંભીર વધુ ગુસ્સે થયો, તેણે બૂમ પાડીને જવાબ આપ્યો, 'તમે જેને ઈચ્છો તેને જઈને રિપોર્ટ કરી શકો છો, પણ તમે અમને શું કરવું તે કહી શકતા નથી.' જે બાદ પરિસ્થિતિ તંગ બની ગઈ અને બેટિંગ કોચ સિતાંશુ કોટક અને બાકીના ભારતીય સપોર્ટ સ્ટાફને બંનેને અલગ કરવા પડ્યા. ઈંગ્લેન્ડ સામે રમાનારી આ મેચ ટીમ ઈન્ડિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ટીમ હાલમાં શ્રેણીમાં ૧-૨થી પાછળ છે, તેથી શ્રેણીને ડ્રો પર સમાપ્ત કરવા માટે તેને કોઈપણ કિંમતે આ મેચ જીતવી પડશે. જો મેચ ડ્રો થાય તો પણ ટીમ ઈન્ડિયા આ શ્રેણી હારી જશે. સારી વાત એ છે કે જ્યારે ટીમ ઈન્ડિયાએ ગયા પ્રવાસ પર કેનિંગ્ટન ઓવલ ખાતે ટેસ્ટ મેચ રમી હતી, ત્યારે તે જીતી ગઈ હતી.



# ભારતના બેડમિન્ટન સ્ટારની રેન્કિંગમાં સુધારો

## એશિયન ગેમ્સના સુવર્ણ ચંદ્રક વિજેતા સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ૧૦માં ક્રમે પહોંચી




નવીદિલ્હી, તા. ૨૯

એશિયન ગેમ્સના સુવર્ણ ચંદ્રક વિજેતા અને ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ નવીનતમ BWF મેન્સ ડબલ્સ વર્લ્ડ રેન્કિંગમાં ત્રણ સ્થાનનો ઉછાળો મેળવ્યો છે. આ જોડી હવે ૧૦મા ક્રમે પહોંચી ગઈ છે. તેમણે આ સફળતા ચાઇના ઓપન ૨૦૨૫ ના સેમિફાઇનલમાં પહોંચ્યા બાદ મેળવી હતી, જ્યાં તેઓ મલેશિયન જોડી એરોન ચિયા અને સો વોઇ યિક સામે ૧૩-૨૧, ૧૭-૨૧ થી હારી ગયા હતા. આ સિઝનમાં આ તેની ત્રીજી સેમિફાઇનલ હતી. આ પહેલા તે સિંગાપોર ઓપન અને ઈન્ડિયા ઓપનમાં પણ છેલ્લા ચારમાં પહોંચી ગયો હતો. ગયા વર્ષે થાઈલેન્ડ ઓપન જીત્યા બાદ ભારતીય જોડીએ વિશ્વ નંબર-૧ રેન્કિંગ પણ હાંસલ કર્યું હતું.

ભારતના ટોચના ક્રમાંકિત સિંગલ્સ ખેલાડી લક્ષ્ય સેન પણ નવીનતમ રેન્કિંગમાં બે સ્થાન આગળ વધીને ૧૭મા સ્થાને પહોંચી ગયો છે. તેના હવે ૫૪,૪૪૨ પોઈન્ટ છે, જે ચીનના ઝેનજિયાંગ વાંગ (૧૮મા) કરતા થોડા આગળ છે. આ અઠવાડિયે વાંગ પાંચ સ્થાન ઉપર ચઢ્યો. તે જ સમયે, અનુભવી શટલર એચએસ પ્રણોય પણ બે સ્થાન ઉપર આવીને વિશ્વના ૩૩મા ક્રમે પહોંચી ગયો છે. તેના હવે ૪૦૩૩૬ પોઈન્ટ છે.

મહિલા સિંગલ્સમાં, હરિયાણાની ૧૭ વર્ષીય ઉભરતી સ્ટાર, ઉન્નતિ હુડ્ડાએ શાનદાર પ્રદર્શન કર્યું અને ચાર સ્થાનનો કૂદકો લગાવીને તેના કારકિર્દીનો શ્રેષ્ઠ ૩૧મો ક્રમાંક પ્રાપ્ત કર્યો. ઉન્નતિએ ગયા અઠવાડિયે બેવડી ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુને ૨૧-૧૬, ૧૯-૨૧, ૨૧-૧૩ થી હરાવીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. આ મેચ ૧ કલાક ૧૩ મિનિટ સુધી ચાલી હતી. જોકે, તે ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની ત્રીજા ક્રમાંકિત અકાને યામાગુચી સામે હારી ગઈ. મહિલા ડબલ્સમાં, ભારતની ટોચની જોડી ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદે ૧૧મા ક્રમે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તે જ સમયે, તનિષા ક્રાસ્ટો અને અશ્વિની પોનપ્પાની જોડીએ બે સ્થાન ઉપર ચઢીને ૪૫મું રેન્કિંગ પ્રાપ્ત કર્યું છે.

# લોકમેળાના ૧૪૩ સ્ટોલનો કોઈ ધણી નહીં

## સરકારે નિયમોમાં હળવાશ રાખી છતાં તંત્રને માત્ર ૧.૮૯ કરોડની આવક



રાજકોટ, તા. ૨૯

લોકમેળાને લઈને હાલ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે લોકમેળામાં મૂકવામાં આવતા સ્ટોલની હરાજી અને તે અંગેનો ડ્રો પણ પૂર્ણ કરી દેવામાં આવ્યો છે આ વખતે સરકારે નિયમોમાં હળવાશ રાખી હોવા છતાં પણ તંત્રને ૧.૮૯ કરોડની આવક થઈ છે અને હજુ પણ ૧૪૩ જેટલા સ્ટોલનો કોઈ ધણી થયો નથી ત્યારે આ અંગે આગામી દિવસમાં નિર્ણય લેવામાં આવશે એવું જાણવા મળી રહ્યું છે હાલ લોકમેળાને સ્વચ્છ બનાવવા માટે આ વર્ષે સ્વચ્છતા ઉપર વધુ ધ્યાન કલેક્ટર દ્વારા કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાનું જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે. તો સામે તંત્ર માટે માથાનો દુખાવો પણ એ જ છે કે હજુ જે ૧૪૩ જેટલા સ્ટોલ ખાલી પડેલા છે તેનું શું કરવું અને આ અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી સાથોસાથ એવું પણ જાણવા મળી રહ્યું છે કે કલેક્ટર દ્વારા આ વખતે ખાસ સ્વચ્છતા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને દરેક સરકારી વિભાગના અધિકારીઓની પણ જવાબદારી સુનિશ્ચિત કરાશે મળતી માહિતી મુજબ હાલ આ અંગે કલેકટર વિભાગ ૮ કરોડનો વીમો પણ લોકમેળાનો ઉતરાવશે.

આ વર્ષના લોકમેળામાં સ્વચ્છતા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવશે. કલેક્ટર દ્વારા ખાસ કરીને સફાઈ પર ભાર મૂકવામાં આવ્યો છે. મેળામાં ચાર વિશેષ કંટ્રોલ રૂમ ઊભા કરવામાં આવશે, જેમાં કલેક્ટર વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, પોલીસ અને છઇ વિભાગના અધિકારીઓ તૈનાત રહેશે. કોઈ અનિચ્છનીય ઘટના તો તેમના ૮ કરોડનો વીમો પણ લેવામાં આવશે.

સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે ૨૪ જેટલા ટાવર ઊભા કરાશે, અને ત્રણ ખાસ વિશ્રામગૃહો પણ તૈયાર કરવામાં આવશે. કચરાના યોગ્ય નિકાલ માટે મોટી સંખ્યામાં કચરાપેટીઓ રાખવાનો આદેશ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યો છે. તેમજ કલેકટર દ્વારા ૧૦૦ જેટલા મામલતદાર તેમજ નાયબ મામલતદારને સ્પેશિયલ ઓર્ડર લોક મેળો માટે ઓર્ડર કરવામાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે

લોકમેળાના ઉદઘાટન માટે કલેક્ટર દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.દરમિયાન રાજકોટમાં યોજાનાર લોકમેળાને લઈને લોકમેળા સમિતિ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે આજે બે મહત્ત્વપૂર્ણ ટેન્ડરો ખોલવામાં આવ્યા હતા. આજે ઓપન થયેલા ટેન્ડરોમાં મંડપ સર્વિસનું ટેન્ડર ગણેશ મંડપને ૮૭ લાખમાં આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ ટેન્ડર ગયા વર્ષની સરખામણીમાં ૭% ઊંચા ભાવે અપાયું છે. બીજી તરફ, સિવિલ ટેન્ડર ૧૮ લાખમાં આપવામાં આવ્યું છે. આશ્ચર્યજનક રીતે, આ ટેન્ડર ગયા વર્ષ કરતાં ૧૮% નીચા ભાવે મળ્યું હોવાનું સામે આવ્યું છે.

# નાના ઉદ્યોગકારો પરનો વીજબોજ હટાવવા માંગ

### રાજયના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ સાથે ચેમ્બરના પ્રમુખે કરી રૂબરૂ વાતચીત : લેવાયેલ નિર્ણય મુલતવી રાખવા માંગ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ ઉપસ્થિત

રાજકોટ, તા. ૨૯

રાજકોટ અને સૌરાષ્ટ્ર નાના ઉદ્યોગોનું હબ માનવામાં આવે છે નાના ઉદ્યોગો તો ખરા પરંતુ આ એ ઉદ્યોગો છે કે જે વિશ્વ ફલક ઉપર પોતાની આગવી છાપ ઊભી કરી છે ત્યારે હાલ પીજીવીસીએલ દ્વારા જે બિલની બજવણી કરવામાં આવી છે તે અસહ્ય હોવાની ફરિયાદ ઉઠી હતી અને ચેમ્બરને આ અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું જે બાદ તાકીદે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ કાર્યવાહી હાથ ધરી રાજ્યના ઉર્જા મંત્રીને રૂબરૂ મળી આ નિર્ણયને મોકૂફ રાખવા જણાવ્યું.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા ડો.દર્શિતાબેન શાહને સાથે રાખી રાજયના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ કે, હાલમાં પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા કઝ કનેકશન ધારાવતા નાના ઉદ્યોગો ઉપર ઈલેકટ્રીક બીલમાં પાછળથી જુન - ૨૦૨૪ થી જુન - ૨૦૨૫ સુધીનો પીક અવર્સના (એટલે કે સવારે ૭ થી ૧૧ અને સાંજના ૧૮ થી ૨૨ વચ્ચેના) LTMD પાવર વપરાશ ઉપર યુનિટ દીઠ-૪૫ પૈસાના વધારાનો ચાર્જ ગણી મસમોટા



વધારાના બીલ ઈશ્યું કરેલ છે.

આ વધારો ઉદ્યોગકારોને કોઈપણ જાતની અગાઉ જાણ કર્યા વગર અચાનક જ કરેલ હોય ઉદ્યોગકારોમાં ઘેરાશોક અને આઘાતજનક લાગણી પ્રસરી છે અને તેમા વિસંગતતા પણ ઉદભવી રહી છે. વધુમાં ૪૦ KVA ઉપરના કનેકશન ઉપર જે એવરેજ બીલ આપેલ છે તે ગેર વ્યાજબી છે. તેમજ હાલના એવા કોઈ મૌટર નથી કે જે કલાકો-કલાકના મોનીટરીંગ કરી શકે. તેથી આ એવરેજ બીલના કારણે ઘણા નાના ઉદ્યોગોને હજારો રૂપીયાનું આર્થિક ભારણ ભોગવવું પડે તેમ છે. હાલ મંદીના માહોલમાં કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ખજાખઊ ઉદ્યોગોને ખુબ પ્રોત્સાહિત કરી રહી હોય ત્યારે આ નિર્ણય લેવો ખુબ જ અયોગ્ય લાગે છે. હાલમાં ઘણાં દેશોની અંદરો-અંદર લડાઈ ચાલી રહી છે. જેનાથી નાના ઉદ્યોગકારોના પૈસા ફસાયેલ હોય તેમજ ઘણાં ઓર્ડરો રદ થયેલ હોય આવી આ કપરી પરિસ્થિતીમાં આવા બિલો આપવા અયોગ્ય છે. તેવુ અમારૂ સ્પષ્ટપણે માનવું છે અને આ કોઈપણ સંજોગોમાં શક્ય બને તેમ નથી.

આ અંગે માનનીય ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈજીએ જણાવવેલ કે, ઉદ્યોગકારોને આવા બીલની ભરપાઈ કરવા માટે હપ્તાની વ્યવસ્થા કરી આપીએ. પરંતુ પ્રમુખ વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, વર્તમાન પરિસ્થિતી તથા હાલની મંદીના માહોલમાં હપ્તાની વ્યવસ્થા પણ ઉદ્યોગકારો માટે ફટકારરૂપ ગણાશે. અમારૂ એવું સ્પષ્ટપણે માનવું છે કે આવા બીલ રદ થવા જોઈએ. તેથી જયા સુધી આનું કોઈ નકકર નિરાકરણ ન આવે ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં આ નિર્ણયની અમલવારી મુલત્વી રાખવી. તેમજ ઉદ્યોગકારોને આવા ભીલ ભરપાઈ કરવાનું દબાણ કરવું નહી. જેથી ખરા અર્થમાં રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગકારોના હિતમાં નિર્ણય લીધેલ ગણી શકાય અને મેંદીના માહોલમાં ઉદ્યોગકારો માટે એક આશાનું કિરણ બની રહેશે. તેવી ધારદાર રજુઆત કરવામાં આવેલ હતી.

### સાધુ વાસવાણી રોડ, પુષ્કળ ધામ રોડ, યુનિવર્સિટી રોડ પર આરોગ્ય વિભાગના દરોડા

# ફરાળી ચીજ વસ્તુઓની સાથે એક્સપાયર થયેલ ૧૧ લીટર ઠંડા પીણાનો નાશ

રાજકોટ, તા.૨૯

શ્રાવણ માસ નિમિતે ફારાળી ખાદ્યચીજોનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો હોય રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા અલગ અલગ વિસ્તારમાં ફરાળી ખાદ્યચીજો અંગે કુલ ૧૮ સ્થળોએ વિક્રેતાઓની હાઈજેનિક કન્ડિશન તથા શંકાસ્પદ ફરાળી ખાદ્યચીજો અંગે સર્વેલન્સ ચેકિંગ કરવામાં આવેલ. જે મુજબ ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ફરાળી ખાદ્યચીજોના કુલ ૫ નમૂના લેવામાં આવેલ.



જે કે ચોક પાસે આવેલી બહુચરાજી સ્વીટ એન્ડ નમકીન એન્ડ બેકરીમાંથી રાજગરાનો ફરાળી ચેવડો લુઝ નમૂના પેટે લેવામાં આવ્યો એવી જ રીતે યુનિવર્સિટી રોડ ઉપર આવેલી પ્રજાપતિ ફરાળી ખીચડી સેન્ટર ખાતે પણ સાબુદાણાની ફરાળી ખીચડી લુઝ નમૂનો આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે.

પુષ્કળ ધામ રોડ ઉપર આવેલા ખોડીયાર ડેરી ફાર્મ ખાતે જલારામ ફૂડના ફરાળી પોટેટો અને સાગો સ્ટીક નું પેકેટ નમૂના અર્થે લેવામાં આવ્યું સાથો સાથ ફરાળી લોટ કે જેનો ઉપયોગ પેટીસ બનાવવા થાય તે લોટ પણ નમૂના અર્થે લેવામાં આવ્યો. પુષ્કળધામ પાછળ આવેલા રાધેશ્યામ ડેરી ફાર્મ વિમલનગર મેઇન રોડ ખાતે લુઝ ફરાળી પેટીસ પણ નમૂના અર્થે લેવામાં આવી.

ગઈકાલે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સાધુવાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટી પાસે, રાજકોટ મુકામે આવેલ 'જુલેલાલ પાન કોલ્ડ્રિંક્સ જ્યુસ' પેઢીની તપાસ કરતા સ્થળ પર પેઢીમાં સંગ્રહ કરેલ ૧૧ લિટર સરબત બોટલ તથા ઠંડાપીણાં એક્સપાયરી ડેટ વીતેલ માલૂમ પડતાં સદર જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ. ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના એ.જી. ચોક-પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોન તથા ભગતસિંહ ગાર્ડન સામે આવેલ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૪ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

અનેક વખત ટકોર કરવા છતાં ઘણી ઘણી પેઢીઓ લાયસન્સ મેળવતી નથી ત્યારે લાઇસન્સ મેળવવા બાબતે ચાર પેઢીને નોટિસ આપવામાં આવી હતી જેમાં સ્વાતિ મદ્રાસ કાફે, બાલાજી નાસ્તા ગૃહ, નકળંગ હોટલ અને ક્વીક બાઈટનો સમાવેશ થાય છે તો બીજી તરફ હરિકૃષ્ણ દાળપકવાન, ક્રિષ્ના દાળપકવાન, ભેરુનાથ આઈસ્ક્રીમ, જીલાની વડાપાઉં , પટેલ ચાઈનીઝ પંજાબી, શિવશક્તિ ઢોસા, પટેલ પાર્લર પોઈન્ટ , ઉસ્તાદ લાઈવ ચાઈનીઝ પંજાબી, પીઠડ ચાઈનીઝ પંજાબી, ક્રિષ્ના પાઉંભાજી, ચામુંડા લચ્છી , ઝેનીશ ખીચું, બાલાજી દાળપકવાન, બાલાજી છોલે-ભટુરે, શિવ છોલે-ભટુરે , જોકર ગાંઠિયાની ચકાસણી કરવામાં આવેલ.





# જિલ્લા-તાલુકા ભાજપના અગ્રણીઓ દ્વારા ખીરેશ્વર મહાદેવનો જલાભિષેક

માત્ર રાજકોટ શહેર કે જિલ્લો જ નહીં પરંતુ સમગ્ર રાજ્યના સમગ્ર દેશમાં હાલ શ્રાવણ માસ નિમિત્તે દરેક શિવ મંદિરોમાં પૂજા અર્ચના સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે ઘણાખરા એવા શિવ મંદિરો છે કે જે ખૂબ જાણીતા હોય તો ઘણા ખરા એવા શિવ મંદિરો છે કે જ્યાં ભાવિક ભક્તોની શ્રદ્ધા અતુટ હોય.ખીરેશ્રુર મહાદેવ કે જે ખીરસરા રણમલજી ખાતે આવ્યું છે પ્યાર ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ભગવાન શિવની આરાધના અને પૂજા કરવા પહોંચતા હોઈ છે ત્યારે શ્રાવણ માસની પૂજા અર્ચના અને જલાભિષેક રાજકોટ જીલ્લા ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયા દ્વારા કરવામાં આવ્યો હતો. રાજકોટ જીલ્લાના ખીરસરા રણમલજી મહાદેવળી નદીના કિનારે સ્વંયભૂ બિરાજમાન શ્રી ખીરેશ્રુર મહાદેવ ના પવિત્ર શ્રાવણ માસ ની પુજા અર્ચના જલાભિષેક કરતા રાજકોટ જીલ્લા ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયા તેમજ લોધીકા તાલુકા ભાજપ મહામંત્રી મયુર સિંહ જાડેજા સુરેશભાઈ વસોયા ખીરસરા રણમલજી સરપંચ મુકેશભાઈ મકવાણા કિશોરસિંહ ઝાલા વીરભદ્રસિંહ જાડેજા મેટોડા સરપંચ જેન્તીભાઈ સભાયા તાલુકા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ સંજયભાઈ સોજીત્રા નગરપીપળીયા પૂર્વ સરપંચ કમલેશભાઈ સાકરીયા સહીત શિવભક્તો એ પુજા અર્ચના કરેલ તેમજ મહાદેવ ના આશિર્વાદ મેળવ્યા હતાં.

# રાજકોટ ડીવીઝનને મળશે ૮ નવી ST બસ

### ગાંધીનગર ખાતે એસટીની ૯૫ બસનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે : પ્રથમ ૫૫ બસનું લોકાર્પણ સીએમ કરશે જયારે બાકી રહેતી બસ નિગમ દ્વારા આવશે ફાળવવામાં



રાજકોટ, તા. ૨૯

રાજ્ય સરકાર માળખાગત સુવિધાઓની સાથોસાથ પરિવહન ક્ષેત્રમાં પણ આમોલ પરિવર્તન લાવી રહ્યું છે એટલું જ નહીં લોકોને સહેજ પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે અને તેઓ ખૂબ સરળતાથી તેમને નિર્ધારિત જગ્યા પર પહોંચી જાય તે માટે હાલ ઘણા ખરા કાર્યો હાથ ધરવામાં આવ્યા એટલું જ નહીં મુસાફરીનો ખર્ચ અને મુસાફરીનો સમય બચે તે દિશામાં પણ રાજ્ય સરકાર દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે ત્યારે એસટી નિગમ ને વધુ મજબૂત બનાવવા માટે સરકાર છેલ્લા ઘણા દિવસથી કાર્ય કરી રહી છે અને નવી બસો નિર્ધારિત કંપનીમાંથી તૈયાર પણ થવા લાગી છે હાલ ૧૦૦ બસ આવી ગઈ છે જેનો લોકાર્પણ સમારોહ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાશે. એસ.ટી. નિગમમાં છેલ્લા કેટલાંક દિવસોથી નવી બસો કંપનીમાંથી તૈયાર થઈને આવવા લાગી છે અને અત્યાર સુધીમાં ૧૦૦ જેટલી બસો આવી ગઈ છે ત્યારે, હવે આવતીકાલે, આ નવી બસોનો લોકાર્પણ સમારોહ ગાંધીનગર ખાતે એચ.ઈ.સી. એકઝીબીશન હોલ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે રાખવામાં આવેલ છે.

એસટી વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર આજે રાજકોટ સહિત જુદા જુદા ડિવિઝનને નવી બસોની ફાળવણી પણ કરવામાં આવશે. જેમાં ૯૫ બસો માંથી ૫૧ બસનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે અને બાકી રહેતી જે બસ છે તેની નિગમ ફાળવણી કરશે.

આ અંગે એસટી નિગમનાં આધારભૂત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આવતીકાલે કુલ ૯૫ બસો રાજકોટ સહિતનાં જુદા-જુદા ડિવિઝનોને ફાળવવામાં આવનાર છે. આ ૯૫ બસો પૈકી ૫૧ બસોનું મુખ્યમંત્રી લોકાર્પણ કરશે. અન્ય બસોની ફાળવણી નિગમ તબકકાવાર કરી દેશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપરાંત વાહન વ્યવહાર મંત્રી પણ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં રાજકોટ વિભાગને ૮, જામનગરને ૭, ગોધરાને ૪, નડીયાદને ૧, મહેસાણાને ૯, અમદાવાદને ૮, હિંમતનગરને ૧૦ અને વડોદરા વિભાગને ૪ નવી સુપર એકસપ્રેસ બસો મુખ્યમંત્રીનાં હસ્તે ફાળવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષ દરમ્યાન એસ.ટી.માં ૨૩૦૦થી વધુ નવી બસો આવનાર છે. જે આગામી બે-ત્રણ માસ દરમ્યાન તબકકાવાર જુદા-જુદા એસ.ટી. ડીવીઝનોને ફાળવાશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પુરૂષ સમોવડી

## જુગાર, ચોરી, દારૂ વગેરે વ્યવસાયોમાં મહિલાવર્ગની સંડોવણી



પ્રકૃતિએ દરેક જીવને વિશિષ્ટતાઓ આપી છે. સુધરેલા ગણાતા સમાજમાં મહિલાઓમાં પુરુષ સમોવડી બનવાની હોડ જામી છે. પ્રકૃતિએ આપેલી વિશેષતાઓ પ્રમાણે મહિલા શક્તિ-સ્વરૂપા છે. પુરુષ વર્ગથી અનેકગણી આગળ ગણાય, પણ સમાજ બનવાની હોડમાં ગાડી આડા પાટે દોડવા લાગી હોય તેવું સમજાય છે.

મહિલાઓએ અનેક ક્ષેત્રોમાં પ્રેરણારૂપ પ્રગતિ કરી છે. જો કે, પુરુષોના ક્ષેત્ર ગણાતા ગુન્હાખોરીની દુનિયામાં પણ મહિલાઓ નામ કાઢવા લાગી છે. રાજકોટમાં દારુથી માંડીને ડ્રગ્સના નેટવર્કમાં મહિલાઓ ઝળકી ચૂકી છે. તાજા સમાચારો પ્રમાણે મહિલા સંચાલિત જુગાર ક્લબ રાજકોટમાં ઝડપાઇ છે. આ ક્લબમાં ભદ્ર સમાજની ગણાતી મહિલાઓ ખેલતી પકડાઇ છે.

ન્યૂ જાગનાથમાં એક મકાનમાં આ ક્લબ ચાલતી હતી. જેમાં પ્રતિષ્ઠિત પરિવારોની મહિલાઓ પત્તા ટીચતી હતી. આવી ઘટના બને પછી પોલીસના ચોપડાથી અને પ્રેસમાંથી નામ કાઢવા મરણિયા બને છે, પણ ક્લબ શરૂ કરતી વખતે વિચાર કરતા નથી.

બીજી એક ઘટના તો ગજબની બની. એક યુવતી ભીખ માંગવા નીકળતી હતી. કોઇને કોઇ બહાને દુકાન-ઓફિસમાં ઘૂસીને ચોરી કરી લેતી. આ યુવતીએ ત્રણ લાખથી વધારે રૂપિયાની ચોરી કબૂલી છે. આશ્ચર્ય એ છે કે, ચોરીના વ્યવસાયમાં યુવતીને પરિવારનો પણ સહયોગ મળતો હતો.

આવી અનેક ઘટનાઓમાં મહિલાઓ અગ્રેસર થવા લાગી છે. પુરુષ સમોવડી બનવાની દોડ આડા માર્ગે ચાલવા લાગી છે. ભદ્ર સમાજની મહિલાઓ સ્માર્ટ ગુન્હાઓ આચરવા લાગી છે. ઘણીવાર તો મનોંજનના ભાગ રૂપે ગુન્હા કરતી હોય છે.

પાંડવો-કૌરવો જુગટુ ખેલ્યા તેમાં દ્રૌપદીના ચીર હરણ થયા હતા અને મહાભારત સર્જાયું હતું. કળિયુગમાં દ્રૌપદીઓ જ જુગટાના રવાડે ચઢી ગઇ છે. ઘરે-ઘરે નાના-મોટા મહાભારત સર્જાયા છે, તેનું એક કારણ આ પણ હોઇ શકે છે. સૌરાષ્ટ્રના ઇતિહાસમાં મહિલા ગેંગસ્ટર પણ રહી ચૂકી છે. પરંતુ, આવી ઘટનાઓ અપવારૂપ હતી. હવે મહિલાઓ દ્વારા સર્જાતા ગુન્હાઓ સામાન્ય બની ગયા છે.

બીજી તરફ પોલીસ તંત્રમાં પણ મહિલાઓનો પ્રભાવ વધી ગયો છે. કોન્સ્ટેબલથી અધિકારીઓ સુધી મહિલાઓ સેવા આપે છે. સ્ત્રીશક્તિની એ તાકાત ગણાય. જો કે, એ પણ સાચું છે કે લાંચ લેવામાં અને અન્ય બાબતોમાં મહિલા પોલીસ પણ પાછળ નથી.

પુરુષ સમવોડી બનવાની જરૂર નથી. શક્તિ સ્વરૂપાનું સ્થાન અનેકગણુ ઊંચું છે. ખુદનું સ્વરૂપ અને શક્તિને ઓળખવાની જરૂર છે.

"પ્રેમભકિતના હસ્તાક્ષરે"
થોડું જોયા કરજો,
થોડું જતું કરજો,
ને થોડું જાતે કરજો.
જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈનાં ગયાં પછી,
"MISS YOU"
લખવા કરતા,
જીવતાં હોય ત્યાં સુધી
"WITH YOU"
લખો ને એ વધારે સારું
શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જીલ્લા



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# આતંકવાદને ડામવા બધુ જ કરી છૂટીશુ : રાજનાથ

## રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર અંગે વાત કરતા કહ્યું, આ ઓપરેશનનો ઉદ્દેશ્ય આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાનો હતો અને સ્પષ્ટ સંદેશ આપવાનો હતો કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે

નવીદિલ્હી, તા. ૨૯

મંગળવારે રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર બોલતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે આપણા સુરક્ષા દળોએ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં ૨૬ લોકોની હત્યા કરનારા રેઝિસ્ટન્સ ફ્રન્ટના ત્રણ આતંકવાદીઓને સફળતાપૂર્વક બેઅસર કર્યા છે. ભારતની આંતરિક અને બાહ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આપણા સશસ્ત્ર દળો અને અન્ય સુરક્ષા દળોની ભૂમિકાની જેટલી પ્રશંસા કરી શકાય તેટલી નથી. તેમણે કહ્યું કે ભારત આતંકવાદ સામે કોઈપણ હદ સુધી જશે. રાજ્યસભામાં બોલતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, ''આ ઓપરેશનનો ઉદ્દેશ્ય આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાનો હતો અને સ્પષ્ટ સંદેશ આપવાનો હતો કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે. ઓપરેશન સિંદૂરને ફક્ત વર્તમાનના સંદર્ભમાં જ જોવું જોઈએ નહીં, પરંતુ ભારતના ભવિષ્યને આકાર આપવામાં તેની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ છે.

ઓપરેશન સિંદૂર હાલ પૂરતું બંધ કરી દેવામાં આવ્યું છે, તે સમાપ્ત થયું નથી, પરંતુ જો પાકિસ્તાન ફરીથી કંઈ કરવાની હિંમત કરશે તો અમે તેને ફરીથી શરૂ કરવામાં અચકાઈશું નહીં. ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા રાખશે, સુરક્ષા દળોને લક્ષ્ય પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવશે. ઓપરેશન સિંદૂર એ બતાવ્યું કે ભારત પોતાની સાર્વભૌમત્વ અને આત્મસન્માનનું રક્ષણ કેવી રીતે કરવું તે જાણે છે અને આતંકવાદ સામે કોઈપણ હદ સુધી જઈ શકે છે.'' સંરક્ષણ મંત્રીએ કહ્યું કે એક દિવસ આવશે જ્યારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) ના લોકો ભારતની શાસન વ્યવસ્થાનો ભાગ બનશે.



બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ડીપ રિવિઝન (SIR) સહિત વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી પક્ષોના સભ્યો દ્વારા હોબાળાને કારણે રાજ્યસભા શરૂ થયાના માંડ પંદર મિનિટ પછી બપોરે ૨.૦ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. ઉપલા ગૃહમાં હોબાળાને કારણે આજે પણ શૂન્ય કાળ અને પ્રશ્નકાળ યોજાઈ શક્યો નહીં. બેઠકની શરૂઆતમાં, ઉપાધ્યક્ષ હરિવંશે દિવ્યા દેશમુખને FIDE મહિલા ચેસ વર્લ્ડ કપ ૨૦૨૫ જીતવા બદલ અભિનંદન આપ્યા અને કહ્યું કે તેણીએ દેશને ગૌરવ અપાવ્યું છે. આ પછી તેમણે જરૂરી દસ્તાવેજો ગૃહના ટેબલ પર મૂક્યા. ત્યારબાદ ઉપાધ્યક્ષે માહિતી આપી કે તેમને નિયમ ૨૬૭ હેઠળ ૨૪ નોટિસ મળી છે જેમાં બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR), અન્ય રાજ્યોમાં બંગાળી સ્થળાંતરિત કામદારો સામે કથિત ભેદભાવ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરનું રાજીનામું અને છત્તીસગઢમાં બે સાધ્વીઓની ધરપકડ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સુનિશ્ચિત કાર્યને મુલતવી રાખવાની માંગ કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષે કહ્યું કે આ નોટિસો બેન્ચ દ્વારા અગાઉ આપવામાં આવેલા આદેશ અનુસાર નથી, તેથી તેને સ્વીકારી શકાય નહીં. જ્યારે નોટિસ સ્વીકારવામાં ન આવી, ત્યારે વિપક્ષી સભ્યોએ વિરોધ કર્યો અને હંગામો શરૂ કર્યો. તેમણે 'મત ચોરી બંધ કરો' જેવા સૂત્રોચ્ચાર કર્યા. હરિવંશે સભ્યોને અપીલ કરી કે તેઓ ગૃહને સુચારુ રીતે ચાલવા દે જેથી સાંસદો શૂન્ય કલાક દરમિયાન તેમના મુદ્દાઓ ઉઠાવી શકે. પરંતુ હોબાળો ચાલુ રહેતાં તેમણે સવારે ૧૧:૧૪ વાગ્યે બેઠક બપોરે ૨:૦૦ વાગ્યા સુધી મુલતવી રાખી.

# આતંકી હુમલાની જવાબદારી કોની? : પ્રિયંકા

## પહેલગામ આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારનાર TRFએ કાશ્મીરમાં ૨૫ આતંકવાદી હુમલા કર્યા અને સરકારને તેનો એક પણ સંકેત ન મળ્યો

નવીદિલ્હી, તા. ૨૯

લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચાલી રહેલી ચર્ચામાં ભાગ લેતી વખતે પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે આતંકવાદી હુમલા માટે કોણ જવાબદાર છે? દેશના નાગરિકોની સુરક્ષા માટે કોણ જવાબદાર છે? તેમણે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારનાર TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) એ કાશ્મીરમાં ૨૫ આતંકવાદી હુમલા કર્યા હતા અને સરકારને તેનો એક પણ સંકેત મળ્યો નથી. શું કોઈએ આની જવાબદારી લીધી? કોંગ્રેસના નેતા અને લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, ''પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી થોડા દિવસો પછી એક આતંકવાદી જૂથ TRF લે છે. આ TRF કોણ છે? આ જૂથની રચના વર્ષ ૨૦૧૯ માં થઈ હતી. ૨૦૨૦ માં, તેણે કાશ્મીરમાં આતંકવાદ શરૂ કર્યો હતો. એપ્રિલ ૨૦૨૦ થી ૨૨ એપ્રિલ ૨૦૨૫ સુધી, ઝછ્ઋ એ ૨૫ આતંકવાદી હુમલા કર્યા.''

તેમણે કહ્યું કે ગૃહમંત્રી (અમિત શાહ) એ યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન લગભગ ૨૫ આતંકવાદી હુમલાઓની ગણતરી કરી હતી. જ્યારે આ જૂથ (TRF) એ ૨૦૨૦ થી ૨૦૨૫ દરમિયાન કાશ્મીરમાં ૨૫ આતંકવાદી હુમલા કર્યા હતા. મારી



પાસે આ હુમલાઓની સંપૂર્ણ યાદી છે. આમાં ૨૦૨૪ ના રિયાસી હુમલાનો પણ સમાવેશ થાય છે જેમાં ૯ લોકો માર્યા ગયા હતા અને ૪૧ ઘાયલ થયા હતા. કુલ મળીને, ૨૦૨૦ થી ૨૨ એપ્રિલ ૨૦૨૫ સુધીમાં, TRF એ ૪૧ સૈન્ય અને સુરક્ષા કર્મચારીઓને માર્યા. ૨૭ નાગરિકો પણ માર્યા ગયા. આ સમયગાળા દરમિયાન આ જૂથે ૫૪ લોકોને ઘાયલ કર્યા.

સરકાર પર નિશાન સાધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ભારત સરકારે TRFને આતંકવાદી સંગઠનનો દરજ્જો ક્યારે આપ્યો, ૨૦૨૦, ૨૦૨૧ કે ૨૦૨૨ માં નહીં પણ ૨૦૨૩ માં અને તે પણ ૩ વર્ષ પછી. તેમણે ૩ વર્ષ સુધી આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને તમે તેને ૨૦૨૩ સુધી આતંકવાદી સંગઠન જાહેર કર્યું નહીં. આ પાછળનું કારણ શું હતું? આ બધું સરકારના જ્ઞાનમાં હતું. બધું જ તમારા જ્ઞાનમાં હતું, પણ તમારી પાસે એવી કોઈ એજન્સી નહોતી જે તમને કહી શકે કે આટલી મોટી ઘટના બનવાની છે. પાકિસ્તાનમાં તેની વિરુદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું હતું અને અમને તેની ખબર પણ નહોતી. શું આ આપણી એજન્સીઓની નિષ્ફળતા નથી? આ એક મોટી નિષ્ફળતા છે. સરકાર જાણે છે કે આ એક આતંકવાદી જૂથ છે. તે લોકોને મારી રહ્યો છે અને તમે તેના પર નજર રાખી રહ્યા ન હતા. આ હુમલાઓની જવાબદારી કોણ લેશે? શું ઈંઇ ચીફે રાજીનામું આપ્યું? શું કોઈએ રાજીનામું આપ્યું? ગૃહમંત્રીએ રાજીનામું આપવું કે નહીં તે તેમના અધિકારક્ષેત્રમાં આવે છે. રાજીનામાની વાત તો બાજુ પર રાખો, તેમણે જવાબદારી લીધી. શાસક પક્ષ પર ટિપ્પણી કરતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ કહ્યું કે તમે ઇતિહાસની વાત કરો છો અને વર્તમાનની વાત કરો છો. અગાઉ, તેમણે કહ્યું, ''ગઈકાલે સંરક્ષણ પ્રધાન (રાજનાથ સિંહ) એ એક કલાક સુધી વાત કરી, જે દરમિયાન તેમણે આતંકવાદ, દેશની રક્ષા અને ઇતિહાસ પર પાઠ પણ શીખવ્યા. પરંતુ એક વાત છોડી દેવામાં આવી - આ હુમલો કેવી રીતે થયો?''

# મહારાષ્ટ્રમાં EDની મોટી કાર્યવાહી

## વસઈ, નાસિક અને પુણેમાં કુલ ૧૨ સ્થળોએ દરોડા : વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર પણ ED તપાસના દાયરામાં

નવીદિલ્હી, તા. ૨૯

મંગળવારે મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મોટી કાર્યવાહી કરી. ED એ વસઈ, નાસિક અને પુણેમાં કુલ ૧૨ સ્થળોએ દરોડા પાડ્યા છે. વસઈ વિસ્તારમાં કથિત ગેરકાયદેસર બાંધકામના સંદર્ભમાં આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન (VVMC) ના કમિશનર પણ ED તપાસના દાયરામાં છે. પ્રાથમિક માહિતી અનુસાર, ગેરકાયદેસર બાંધકામના કેસોના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા છે. સોમવારે જ મનોજ કુમાર સૂર્યવંશીને વસઈ-વિરાર મ્યુનિસિપલ કમિશનરનો હવાલો સોંપવામાં આવ્યો હતો, અને આ કાર્યવાહી થોડા કલાકો પછી જ પ્રકાશમાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આજે સવારે વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ કમિશનર અનિલ કુમાર પવારના નિવાસસ્થાન અને સત્તાવાર પરિસરની તપાસ કરી.

ગટર શુદ્ધિકરણ અને ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે અનામત રાખેલી ૬૦ એકર જમીન પર ૪૧ ઇમારતોના અનધિકૃત બાંધકામ સંબંધિત મની લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગઈકાલે જ, વસઈ વિરાર મ્યુનિસિપલ કમિશનર અનિલ પવારને વિદાય આપવામાં આવી. તેમણે વસઈ-વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરનો હવાલો




મનોજ કુમાર સૂર્યવંશીને સોંપ્યો હતો અને આજે EDએ ગેરકાયદેસર બાંધકામ કેસમાં વસઈ વિરારમાં તેમની મિલકતો પર દરોડા પાડ્યા હતા.

વસઈ-વિરાર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો અંગે મોટા પાયે કૌભાંડ થયું હોવાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને શંકા છે. અગાઉ, આ જ કેસના સંદર્ભમાં, EDએ ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને લગભગ ૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. આ કેસમાં અગાઉ, ED એ વસઈ-વિરાર વિસ્તારના બિલ્ડર, આર્કિટેક્ટ અને મ્યુનિસિપલ અધિકારી વાય.એસ. સામે કેસ નોંધ્યો હતો. રેડ્ડીના છુપાયેલા સ્થળો પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. હાલમાં, ED ટીમ અનિલ કુમાર પવારના નિવાસસ્થાને દસ્તાવેજોની તપાસ કરી રહી છે. EDની આ કાર્યવાહીને કેન્દ્ર સરકારની ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર બાંધકામો સામેની કડક કાર્યવાહીનો એક ભાગ માનવામાં આવી રહી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને શંકા છે કે આ એક કે બે લોકોનો ખેલ નહોતો, પરંતુ એક આખું સિન્ડિકેટ હતું. પહેલા સરકારી જમીનો ખાનગી હાથમાં ટ્રાન્સફર કરવામાં આવી, પછી ગેરકાયદેસર ઇમારતો બનાવવામાં આવી, અને અંતે નાણાંની લોન્ડરિંગ માટે ઘણી ફ્રન્ટ કંપનીઓનો ઉપયોગ કરવામાં આવ્યો. હવે ED ટીમ તે બધા બેંક ખાતાઓ, મિલકતના સોદાઓ અને વ્યવહારોની તપાસ કરી રહી છે જે આ જમીન કૌભાંડ સાથે જોડાયેલા હોઈ શકે છે. એવું માનવામાં આવે છે કે આ મામલો અહીં અટકશે નહીં. જે અધિકારીઓએ આ ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રત્યે આંખ આડા કાન કર્યા હતા અથવા જે નેતાઓએ આ સમગ્ર કાવતરાને સમર્થન આપ્યું હતું તેમને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ઊઉ ટીમ આગામી દિવસોમાં વધુ દરોડા પાડી શકે છે, અને ટૂંક સમયમાં કેટલાક મોટા નામો પર કાર્યવાહી કરી શકે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી અભિષેક

## લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે અણુથી સૂક્ષ્મ અને વસ્તુથીય વિરાટ છે



હે દેવોના દેવ મહાદેવ.
સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ.

આપણે આ શ્રાવણે શિવ તત્વને વિધવિધ પાસાને આવરીને શિવનું એક શુદ્ધ સ્વરૂપ એટલે કલ્યાણ, એ રીતે એને આત્મસાત કરીશું. તત્વતઃ શિવ તત્વને સમજવું થોડું સરળ બનાવવા માટે, એને ત્રિપરિમાણ અથવા ત્રિસ્તરીય રીતે સમજીએ. આકાશ, પૃથ્વી, અને જળ અથવા પાતાળ એમ બાહ્ય રીતે સૃષ્ટિના ત્રણેય લોકમાં જે સર્વ રુપે વ્યાપ્ત છે, અથવા સર્વ માટે વ્યાપક બન્યાં એ શિવશંકર. સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એમ જોઈએ તો સત્ય પ્રેમ અને કરુણા રૂપે જે દરેકની ભીતરી ધરાને ભીંજવીને પ્રફુલ્લિત રાખે છે એ શિવશંકર. શિવ આદિ અનાદી છે, એ તથ્યને શિવ પુરાણ સિદ્ધ કરે છે.

શિવ પુરાણની એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર માગશર માસનાં આર્દ્રા નક્ષત્રમાં બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયાં હતાં, અને પોતાનાં સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું, અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી.

શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા એ બે માંથી કોણ મહાન? એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી, અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. બીજી વાત એમ છે કે એક ધગધગતા સ્તંભ રૂપે એ બંને વચ્ચે આવી ગયા, અને સ્તંભ વધવા લાગ્યો. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયાં પણ આદિ અનંતનો છેડો કેમ મળે! બ્રહ્મા એ ઉપર એક કેતકીનું ફૂલ જોયું એણે ફૂલને કહ્યું કે તું હું પહેલા પહોંચ્યો એમ રજૂઆત કરજે! ભગવાન શિવ પાસે બંને આવ્યાં, કેતકી ના ફૂલ એ કથિત સત્ય કહ્યું. ભગવાન શિવ બ્રહ્માના અસત્યને જાણી ગયાં, એમણે એનાં એક શિરનો વિચ્છેદ કર્યો એટલે બ્રહ્મા ચતુર્મુખ છે. બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તા સમજાઈ ગઈ! ત્યારે એ જયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત-રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું સંહાર કે વિસર્જન છે! યોગ્ય સમયે આ ક્રિયા ન થાય તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય. પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! જેમકે વારંવારના ધરતી કંપ, કે વાવાઝોડું, સુનામી, કે બસ ખાઈમાં પડી જવી, ટ્રેન પાટા પરથી ઉથલી જવી, પ્લેન ક્રેશ થવું, કે મોટી આગ લાગવી,પૂર આવવું આ બધું જ. એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! અને કોઈનું મૃત્યુ ન થાય, બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય, માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુથી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે.

ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે : ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂણોકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું બિંદુ. જો બિંદુ વિસ્તરે તો બિંદુમાંથી, રેખા, રેખા વિસ્તરે, અને વર્તુળ થાય અથવા શૂન્ય થાય, પછી એને કોઈ પણ અંકની આગળ મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ, અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવલીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે, પ્રકૃતિ જન્ય પદાર્થનાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનાં નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાનાં સંરક્ષણ અને સંવર્ધનમાં પ્રકૃતિનું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે.

આપણે ૐ કારના લેખમાં જોયું એમ શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ૐ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે, એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે, અને તે બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવપુરાણની વિધ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતીને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે.

આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં. શુદ્ધ પાણી અને એક ટબુડી દૂધ, બે ત્રણ બીલીપત્ર હોય એટલે શંકર રાજી રાજી! ન કોઈ ભોગની ઉપેક્ષા,ન કોઈ અન્ય સાધન, માત્ર ને માત્ર ભાવનાનો ભૂખ્યો, એવો ભોળો ભંડારી સદીઓથી ભક્તની ભીડ ભાંગે છે.

ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે. શિવપુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યાં છે, જેની વાત પછી કરીશું. પ્રત્યેક લિંગનાં મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને પરબ્રહ્મરૂપ સદાશિવ લિંગના ઉપરના ભાગમાં રહે છે. લિંગ એ પરબ્રહ્મનું ત્રિમૂર્તિ સ્વરૂપ પણ મનાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રમયી એવી ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી મા જગતજનની જગદંબા અંબિકા મહાદેવી એ લિંગની વેદિ છે.''તત્પ્રણમામિ સદાશિવ મંગલમ્'' મનુષ્યોનાં જન્મથી ઉત્પન્ન થયેલાં દુઃખોનો નાશ કરનાર સદાશિવ લિંગને આપણે વારંવાર પ્રમાણ કરીએ, કારણ કે ભગવાન શંકરનુ સાકાર કે નિરાકાર સ્વરૂપની ઝાંખી કરાવતું શિવલિંગ સ્વરૂપ સંસારીની શક્તિ ભક્તિ કે મુક્તિ માટેની અમૂલ્ય મૂડી છે, અથવા ભેટ છે. ૐ નમઃ શિવાય.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### દારૂડીયો દારૂ નથી પીતો દારૂ જ તેને પી જાય છે...નશાખોર શખ્સને કાયદાનું ભાન કરાવાયું

# દિકરીઓને સોંપી દારૂડિયો બાપ હમણા આવું છું કહી ભાગી છૂટ્યો

## મહિલાએ મદદ કરવા થોડીવાર માટે દિકરીઓને સાચવી પણ લાંબો સમય સુધી પિતા પાછો ન આવતાં અભયમની મદદ લીધીઃ લાંબી મહેનત બાદ શોધી કઢાતાં કહ્યું-નશો કર્યો હોઇ ભાન નહોતું એટલે ભૂલ કરી બેઠો!

રાજકોટ તા. ૨૯

દારૂડીયા દારૂ નથી પીતા દારૂ જ દારૂડીયાને પી જાય છે આ વાતને સાબિત કરતી ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક ચોંકાવનારો અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. હજુ પરમ દિવસે જ એક નશાખોર પતિએ પત્નિને દારૂના નશામાં મારકુટ કરી લીધા બાદ પસ્તાવો થતાં ઝેર પી આપઘાત કરી લીધો હતો. ત્યાં હવે એક નશાખોર પિતાએ પોતાની બે દિકરીને નશાની હાલતમાં તરછોડી દીધાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જો કે આ બાળાઓ અભયમ ટીમની નજરે ચડી જતાં બાળાઓને હસ્તગત કરી દિકરીઓને તરછોડી ગયેલા બાપને શોધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ કચ્છના અંજારમાં બન્યો છે. અંજારમાં નશામાં ધૂત પિતા દ્વારા પોતાની બે બાળકીઓને તરછોડી નીરાધાર હાલતમાં મુક્યા બાદ જાગૃત નાગરિકે કરેલા કોલ બાદ ૧૮૧ મહિલા હેલ્પલાઇન અભયમની ટીમે અંજાર પોલીસની મદદ લઇ બે દિકરીઓને તરછોડી ગયેલા બાપને શોધી કાયદાનો પાઠ ભણાવ્યો હતો. કોલ મળતાની સાથે ૧૮૧ ટીમની કાઉન્સેલર નિરૂપાબેન બારડ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રિકાબેન ઠાકોર તરત જ ઘટનાસ્થળે દોડી ગયા. ત્યાં હાજર જાગૃત નાગરિક મહિલાએ જણાવ્યું કે તેઓ ૨૪ જુલાઈના રોજ હોટલ પાસે પાણી ભરવા ગયેલા ત્યારે એક અજાણ્યા પુરુષે તેમની પાસે પોતાની બે દીકરીઓને થોડીવાર માટે રાખવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે હું હમણા આવું છું. આથી આ મહિલાએ તેમની માનવીયતાના નાતે દીકરીઓને સાથે રાખી હતી.

પરંતુ લાંબો સમય વીતી ગયા પછી પણ દિકરીઓને મુકી જનારો શખ્સ પાછો ન આવતા, તેમણે દીકરીઓને ઘરે લઈ જઈને આખો દિવસ અને રાત તેમના પાછા આવવાની રાહ જોઈ હતી. બીજા દિવસે પણ કોઈ સંપર્ક ન થતાં સંગીતાબેને પોતાની કંપનીના માલિકને જાણ કરી, જેમણે તાત્કાલિક ૧૮૧ હેલ્પલાઇન પર કોલ કર્યો. ૧૮૧ અભયમ ટીમે બંને બાળકીનું કાઉન્સેલિંગ કર્યું પરંતુ બાળકી એટલી નાની હતી કે પોતાનું નામ, સરનામું કે પિતા વિશે કોઈ માહિતી આપી શકતી ન હતી. તેથી ૧૮૧ ટીમે તાત્કાલિક અંજાર પોલીસ સ્ટેશનને જાણ કરી. પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો અને સંગીતાબેન તેમજ બાળકી પાસેથી વિગતો મેળવી. આ દરમિયાન અંજાર પોલીસ સ્ટેશનના ટેકનિકલ સોર્સના આધારે ૧૮૧ ટીમ બાળકીઓના પિતાનો સંપર્ક થતાં ત્યારે તેણે કબૂલ્યું કે પત્નિ રિસામણે ગયા હોવાથી તેઓ ભારે તણાવમાં હતા અને કેફી દ્રવ્યોનું સેવન કર્યું હતું.

નશો કર્યા બાદ શારીરિક ભાનમાં નહોતા અને પોતાની દીકરીઓને ગામની એક ઓળખીતી બેન પાસે છોડી દીધા હતા. પરંતુ તે બહેન તેમને ઓળખતી નહોતી.પિતાને સમજાવતાં તેમને ભાન થયું કે બાળકોને આવી રીતે છોડી દેવું ગંભીર બેદરકારી છે. ત્યારબાદ પિતા પોતાની દીકરીઓને લેવા માટે આગળ આવ્યા.અંતેં બાળકીઓના પિતાનો સંપર્ક થઈ વાલીવારસ મળતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન તથા અંજાર પોલીસને હાશકારો થયો. બાળકીઓનું સુરક્ષિતપણે પુનર્મિલન થઈ શક્યું અને વધુ યોગ્ય માર્ગદર્શન સાથે કૌટુંબિક પુનરાગમન માટે પગલાં લેવામાં આવ્યા હતા. ૧૮૧ ટીમે પૂર્વ કચ્છના તમામ પોલીસ સ્ટેશનોમાં ગુમ થયેલી બાળકી અંગે માહિતી મોકલી હતી. જો કે ક્યાંયથી પણ કોઈ ગુમનોંધ નોંધવામાં આવી ન હતી. આ પરિસ્થિતિમાં જ્યાં સુધી પિતાની ભાળ ન મળે ત્યાં સુધીબંને બાળકીના સલામતીના હેતુસર ૧૮૧ ટીમે લઘુકાલીન આશ્રય માટે તેમને મહિલા કલ્યાણ કેન્દ્ર, અંજાર ખાતે રાખી હોવાનું મહિલા અભયમે જણાવ્યું હતું. અંતે બાળકીઓનો પિતા મળી આવ્યો હતો.




### વર્ષે પંદર લાખ કમાતા બે દિકરાએ છ કરોડની મિલ્કત માટે સિત્તેર વર્ષની જનેતાને કાઢી મુકીઃ માને કોર્ટના શરણે જવું પડ્યું!

અન્ય એક ઘટનામાં પોતાના જ પારકા થઇ ગયાનો ઘાટ ઘડાયો હતો. વર્ષે પંદર લાખની કમાણી કરતાં બે દિકરાએ મિલ્કતની લાલચમાં વૃદ્ધ જનેતાને ઘરમાંથી હાંકી કાઢી હતી. છ કરોડની મિલ્કત પચાવી પાડવા દિકરાઓએ આવા ધંધા કર્યા હતાં. શહેરના એક પોશ વિસ્તારમાં બાગબાન ફિલ્મ જેવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. જે દર્શાવે છે કે રૂપિયા-સંપત્તિ આગળ લાગણીના સંબંધ શૂન્ય થઈ ગયા છે. કોર્ટમાં આવેલા આ કિસ્સામાં મહિને પંદર લાખ કમાતાં બે પુત્રોએ સિત્તેર વર્ષીય માતાની મિલકત કબજે કરીને ઘરમાંથી બહાર જવા મજબૂર કરી દીધી હતી. માતાની ૬ કરોડની મિલકતો પણ બક્ષિસ મારફત મેળવીને માતાનો કોઈ જ ખર્ચ ઉપાડ્યો ન હતો. હાલ કોર્ટમાં એડવોકેટ આઇ.પી. જોબનપુત્રા મારફત અરજી કરીને વૃદ્ધ માતાએ બંને પુત્રો પાસે ૫૦-૫૦ હજાર માસિક રકમ મેળવવા માટે અરજી કરી છે.

પતિના અવસાન બાદ વહુઓએ સાસુને અસહ્ય ત્રાસ આપીને મિલકતો માટે ઝઘડા શરૂ કર્યા હતા. કોરા કાગળ પર સહિ કરાવીને સાસુને કાઢી મૂકી હતી. માતાએ અન્યના ફોન પરથી દીકરીને જાણ કરી હતી અને બાદમાં દીકરી-જમાઈ માતાને પોતાના ઘેર લઈ ગયા હતા. માતાએ વડોદરાની એક જમીન બક્ષિસ મારફત દીકરી-જમાઈના નામે કરી હતી જેની પુત્રો-વહુને જાણ થતાં બધા મીઠી-મીઠી વાતો કરી માતાને સાથે રાખવાની કહેવા માંડ્યા હતા. જેથી માતાએ કમાઈને આપેલી જમીન ફરી દીકરાઓના નામે કરી દીધી હતી, જેની કિંમત ૬ કરોડ હતી. બાદમાં બીજા પ્લોટમાં પણ દીકરીનો હિસ્સો હોય એ માટે દીકરાઓએ શરત રાખી હતી કે જો એક પ્લોટ અને બીજા પ્લોટમાં અડધો ભાગ જો તેને અપાય તો તે બીજી મિલકતમાં હક્ક નહીં માંગે.

જો કે, દીકરીને આર્થિક તંગી થતાં આ મિલકતો વેચી દીધી હતી. પુત્રોએ પોલીસમાં અરજી પણ આપી હતી. માતાએ પુત્રો સામે ૫૦-૫૦ હજારની ખાધા ખોરાકી માંગતી અરજી કરી હતી. બંને પુત્રો ધંધો કરીને ૧૫ લાખથી વધુનો વકરો કરતા હોવાની રજૂઆત અરજીમાં કરી હતી. મિલકત નામે થતાં પુત્રો રાખતા હતા પણ વહુઓ ત્રાસ આપવા માંડી હતી. માતાને પાણીનું પૂછતી ન હતી. વહુઓ કહેતી કે ‘અમને તમારી ઍલર્જી છે. તમને જોઇએ એટલે અમને માનસિક બીમાર થઈએ છે. અમે તમને જોવા નથી માંગતા, જેથી માતા ફરી દીકરીના ઘેર જતી રહી. કોઈકવાર પુત્રોના ઘરે લાવતા વહુઓ પિયર જતી રહેતી હતી.

# વીજ લાઈનનું સમારકામ

## પીજીવીસીએલ રાજકોટ કચેરી દ્વારા ફૂંકાતા પવનથી ક્ષતિગ્રસ્ત થયેલા થાંભલાઓ તથા ફીડરોને કરાયા ઠીક



રાજકોટ, તા. ૨૯

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરમાં પી.જી.વી.સી.એલ.ની જુદી-જુદી બાવન ટીમો તેમજ ૨૧૦ જેટલા કર્મયોગીઓ દ્વારા ૯૪૦ કિમીથી વધુની લાઈનનું સમારકામ કર્યું છે.પીજીવીસીએલની કામગીરીને લઈ ઘણા ખરા પ્રશ્નો ભૂતકાળમાં પણ ઉભા થયા હતા છતાં પણ લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે ખાસ વિભાગ દ્વારા તમામ જરૂરી પગલાઓ લઈ નાગરિકોને વિવિધ પુરવઠો કોઈ પણ ક્ષતિ વગર મળી રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે એટલું જ નહીં જે થાંભલાઓ ક્ષતિગ્રસ્ત થયા તેને પણ સરખા કરવામાં આવ્યા છે. પી.જી.વી.સી.એલ. રાજકોટ શહેર વર્તુળ કચેરી દ્વારા ચોમાસાંની ઋતુને ધ્યાનમાં રાખીને શહેરમાં ભારે દબાણવાળી આશરે ૫૪૦ કિ.મી.ની લાઈનોનું સમારકામ, હળવા દબાણવાળી ૪૦૦ કિ.મી.ની લાઈનોનું સમારકામ તેમજ આશરે ૩૯૫૪ ટ્રાન્સફોર્મરનું સમારકામ હાથ ધરાઈ રહ્યું છે.

શહેરમાં નાગરિકોને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળતો રહે તે માટે ૧૧ કે.વી.નાં ૩૨૭ ફીડરો પૈકી ૧૭૮ ફીડરોમાં સમારકામની કામગીરી પૂર્ણ કરાઈ છે. શહેરી વર્તુળ કચેરી દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવી, જર્જરિત જમ્પરના સમારકામ, એ.બી. સ્વીચ સમારકામ, ઢીલા વાયરોનું રીસ્ટ્રીન્ગીંગ કરવું, જર્જરિત વાયર બદલવા, પિન ઈન્સ્યુલેટર અને ડીસ ઈન્સ્યુલેટર બદલવા તેમજ ગાર્ડીંગ અને રી-ગાર્ડીંગ કરવું સહિત વીજ પુરવઠાને લગતી કામગીરી કરવામાં આવી છે.

આ ઉપરાંત ૩૯૫૪ ટ્રાન્સફોર્મરનાં સમારકામમાં ડીપાટ મેન્ટલ સ્ટાફ તેમજ કોન્ટ્રકટરની ટીમો દ્વારા સંયુક્ત રૂપે કામગીરી કરવામાં આવી હતી. જેમાં નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવી, ટ્રાન્સફોર્મર પરના જર્જરિત સ્ટડ બદલાવાની, નબળા જમ્પરનું સમારકામ, ટીસીના નબળા અર્થીંગનું સમારકામ કરી કાર્યક્ષમ અર્થીંગ બનાવવા, ટ્રાન્સફોર્મરની ફરતે આવેલી ફેન્સીંગની અંદરના ભાગે સફાઈની કામગીરી, વેલા દુર કરવાની કામગીરી સહિતના કામો કરાઈ રહ્યાં છે.

### મહાનગરપાલિકાના અણઘડ આયોજનથી વેપારીઓ નાખુશ : જ્યારે તેઓ જરૂરી દસ્તાવેજો સાથે તેમનો માલ સમાન લેવા પહોંચે ત્યાં ખબર પડે કે તેમની ચીજવસ્તુ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ છે

# મનપા જપ્ત કરાયેલી રેંકડી-લારી ગલ્લા વેચી મારશે

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકાના અણઘડ આયોજનના પગલે વેપારીઓ અને નાના ધંધાર્થીઓએ ઘણો હેરાન થવું પડે છે. કારણ કે હાલ જગ્યા રોકાણ શાખા દ્વારા છેલ્લા ઘણા સમયથી જે દબાણો કરવામાં આવેલા હોય તેને હટાવવા માટેની ઝુંબેશ તેજ કરી છે. પરંતુ મહત્વની વાત તો એ છે કે હાલ જે જપ કરાયેલો માલ છે તેની કોઈ યોગ્ય વ્યવસ્થા મહાનગરપાલિકા દ્વારા ગોઠવવામાં આવી નથી અને પરિણામ સ્વરૂપે ભારે હેરાનગતિનો સામનો પણ વેપારીઓએ કરવો પડે છે જ્યારે તેઓ તેમનો માલ સામાન લેવા માટે ગોડાઉન પહોંચે છે તો તેમનો માલ સામાન ક્ષતિગ્રસ્ત હોવાના કારણે તેઓ નાસીપાસ થઈ ત્યાંથી જતા રહે છે. ત્યારે આ જથ્થો ખૂબ વ્યાપક પ્રમાણમાં વધી ગયો છે અને અંતે મહાનગરપાલિકાએ તેનો ભંગાર કરી વેચવાનું નક્કી કર્યું છે.

રાજકોટ શહેરમાં મહાનગર પાલિકા દ્વારા ગરીબ ધંધાર્થીઓ માટે અનેક સ્થળે વોકર્સઝોન બનાવવામાં આવ્યા છે. પરંતુ તે અપૂરતા હોવાના કારણે મુખ્યમાર્ગો ઉપર લારી-ગલ્લા અને પાથરણાઓના દબાણ જોવા મળી રહ્યા છે. જેને દૂર કરવા દબાણ હટાવ વિભાગ રોજે રોજ ચેકીંગ હાથ ધરી ધંધાર્થીઓના માલસામાન જપ્ત કર્યા બાદ ખુલ્લામાં તરછોડી દેવામાં આવે છે. નિયમ મુજબ ૬૦ દિવસ બાદ ધંધાર્થીને તેનો સામાન પુરાવા રજૂ કરીએ મળવા પાત્ર છે. પરંતુ અનેક ધંધાર્થીઓનો સામાન મનપાના ગોડાઉનમાંથી ગુમ થઈ જતો અથવા વેરવિખેર થવાના કારણે પરત મળી શકતો નથી. અને આ સામાન હવે મહાનગરપાલિકા રૂા.૧૫થી ૩૦ કિલોના ભાવે વેચવા કાઢ્યો છે.

મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગ દ્વારા મુખ્ય માર્ગો ઉપરથી ગેરકાયદેસર દબાણરૂપ લારી-ગલ્લા પાથરણા, બોર્ડ, બેનર, સહિતનો સામાન રોજે રોજ જપ્ત કરવામાં આવી રહ્યો છે. જેના માટે તંત્ર દ્વારા ૮૦ ફૂટ રોડ અને કાલાવડ રોડ ઉપર બે ગોડાઉન બનાવવામાં આવ્યા છે. પરંતુ આ ગોડાઉન છાપરા વગરના હોવાથી તેમજ જગ્યારોકાણ વિભાગનો સ્ટાફ કિંમતી સામાન આડેધડ ખુલ્લામાં ફેંકી દેતા હોય મોટાભાગના ધંધાર્થીઓના લારી-ગલ્લાઓનો કચ્ચરઘાણ બોલી ગયો છે. લારી જપ્ત થયા બાદ ૬૦ દિવસ બાદ પરત આપવામાં આવે છે. જેના માટે તંત્ર દ્વારા આધાર-પુરાવા માગવામાં આવે છે.

જે ૫૦% ધંધાર્થીઓ પણ રજૂ કરી શકતા નથી. તેવી જ રીતે અમુક દંધાર્થી આધાર પુરાવા રજૂ કર્યા બાદ ગોડાઉનમાં પોતાનો સામાન લેવા જાય ત્યારે તેનો સામાન મળતો નથી અથવા તુટેલી હાલતમાં હોવાથી ધંધાર્થી નિરાશ થઈને સોના કરતા ઘડામણ વધી જાય તેવુ વિચારી પરત આવે છે અને આ રિતનો હજારોની સંખ્યામાં રેકડી-કેબીન સહિતનો સામાન મનપાના બે ડેલામાં એકત્ર થયો છે. ગરીબ ધંધાર્થીઓની રોજીરોટી સમાન આ સામાનને ભંગારના ભાવે વહેંચવા માટે મહાનગર પાલિકાએ હાલમાં ટેન્ડર પ્રસિદ્ધ કર્યુ છે. બનાવતી વખતે હજારો રૂપિયાનો ખર્ચો કરનાર ધંધાર્થીઓને રેકડી-કેબીન સહિતનો સામાન હવે વજનના ભાવે તંત્ર વેંચી ફરી એક વખત ગરીબ ધંધાર્થીઓના પેટ ઉપર પાટુ મારવા જઈ રહ્યું છે.

# રાજકોટના નવા DRM ગિરિરાજ કુમાર મીના



## ઉત્તર પશ્ચિમ રેલવેમાં નાણાકીય સલાહકાર અને મુખ્ય લેખા અધિકારીનું પદ શોભાવતા

રાજકોટ, તા. ૨૯

ગિરિરાજ કુમાર મીનાએ રાજકોટ ડિવિઝનના નવા ડિવિઝનલ રેલવે મેનેજરનો કાર્યભાર સંભાળી લીધો છે. ડિવિઝનલ રેલવે મેનેજર રાજકોટ તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેઓ ઉત્તર પશ્ચિમ રેલવેમાં FA CAO (General) એટલે કે નાણાકીય સલાહકાર અને મુખ્ય લેખા અધિકારી (સામાન્ય) ના પદ પર કાર્યરત હતા. ભારતીય રેલવે લેખા સેવા (IRAS)ના ૧૯૯૬ બેચના વરિષ્ઠ અધિકારી ગિરિરાજ કુમાર મીનાએ યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર થી માનવ શાસ્ત્રમાં માસ્ટર ઓફ આર્ટસ (એમ.એ.) કર્યું છે.

તેમણે પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે, ઉત્તર પશ્ચિમ રેલવે અને બનારસ લોકોમોટિવ વર્ક્સ, વારાણસીમાં વિવિધ મહત્વપૂર્ણ પદો પર કાર્ય કર્યું છે. શ્રી ગિરિરાજ કુમાર મીનાને વર્ષ ૨૦૧૬ માં પશ્ચિમ રેલવેમાં નાયબ મુખ્ય વહીવટી અધિકારી (ટ્રાફિક) તરીકે કાર્ય કરતા ઉત્કૃષ્ટ કાર્ય પ્રદર્શન બદલ રેલ મંત્રાલય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગિરિરાજ મીના વિવિધ અભ્યાસો તથા પુસ્તકો વાંચવામાં ઊંડો રસ ધરાવે છે.

### છેતરપીંડી રોજેરોજ ગઠીયાઓને મોજેમોજઃ વધુ ત્રણ ફ્રોડના કિસ્સા

# ઉધારમાં કાપડ લઇ વેપારીને ૧૪ લાખનો ચૂનો

## બીજા બનાવમાં હીરા દલાલને છેતરી પંદર મિનીટમાં જ હીરા લઇ ગઠીયા છનનનઃ ત્રીજી ઘટનામાં ઓનલાઇન ત્રીસ લાખનું કેમિકલ મંગાવી ઠગાઇઃ બાપ-બેટાને પોલીસે દબોચી લીધા

રાજકોટ, તા. ૨૯

ગઠીયાગીરીની રોજબરોજ નવી નવી ઘટનાઓ સામે આવતી રહે છે. એક બનાવમાં દલાલે વેપારીનો વિશ્વાસ કેળવી ઉધારમાં કાપડ લઇ જઇ ચૌદ લાખનો ચૂનો લગાવી દીધો હતો. બીજા બનાવમાંએક હીરા દલાલ પાસેથી હીરાની ખરીદીના બહાને ગઠીયો સાડાચાર લાખના હીરા લઇ છૂ થઇ ગયો હતો. તેને પોલીસે શોધી કાઢ્યો હતો. જ્યારે અન્ય એક બનાવમાં ત્રીસ લાખનું કેમીકલ ઓનલાઇન ઓર્ડર આપી મંગાવી લઇ રૂપિયા નહિ ચુકવી ઠગાઇ કરાઇ હતી. આ કિસ્સામાં પોલીસે ઠગ પિતા-પુત્રને શોધી કાઢ્યા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો સુરતમાં રિંગરોડ કોહિનુર ટેક્સટાઇલ હાઉસના વેપારી પાસેથી દલાલી પર વેચવા૧૪.૧૧ લાખનું કાપડ લઇ છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઇ છે. વરાછા મીરા નગર રહેતા કેવલ ભીકડીયા કોહીનુર ટેક્ષટાઇલ્સ હાઉસમાં કાપડની દુકાન ધરાવે છે. દોઢ વર્ષ પહેલા પાલનો કાપડ દલાલ લલિત જૈન તેમની પાસે આવ્યો હતો.તેણે દલાલી પર કાપડ આપશો તો વેચીને ત્રીસ દિવસમાં પેમેન્ટનો વાયદો કર્યો હતો. શરૂઆતમાં લલિતે સમયસર પેમેન્ટ કરીને વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ રૂ.૧૪,૧૧ લાખનો કાપડ ઉધારમાં લઇ લલિતે પોતાની પાર્ટીઓને મોકલી આપ્યો હતો. અને તે ડિટેઇલ આપે તે પ્રમાણે બિલ બનાવવાનું કહ્યું હતું. લલિતે વિગત નહીં આપતા કેવલે ઉઘરાણી શરૂ કરી હતી. ત્યારે લલિતે માલ પરત કરી આપુ છુ કહી કાપડ કે તેના નાણા આપ્યા ન હતા.જેથી કેવલે ફરિયાદ નોંધાવતા સલાબતપુરા પોલીસે લલિત વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી છે.

બીજી ઘટના પણ સુરતની છે. જેલમાં બંધ આરોપીને મળવા ગયેલા નવી મુંબઈના હીરાદલાલને સુરતના હીરાના વેપારીની ટીપ આપી હતી. જેના આધારે હીરાદલાલે તેના બે સાગરિતો સાથે મળી ઈન્ડિયામાર્ટથી હીરાની ખરીદી કરવાના બહાને સુરત આવી હીરાના વેપારી પાસેથી ૬૦ કેરેટના ૪.૫૦ લાખના હીરા લઈ પંદર મિનિટમાં ભાગી ગયા હતા. આ ગુનામાં ક્રાઇમબ્રાંચે કામરેજના હલધરૂ ગામેથી હીરા દલાલ ભરત કરશન કોંઘોલ, પિયુષ સબુર આહીર અને વિપુલ ઉર્ફે ભાવેશ રામજી




કાપડીને પકડી પાડયા છે. જેમાં સૂત્રધાર ભરત કોંઘોલ મહિધરપુરા, ખટોદરા, મુંબઈમાં ચીટીંગના છ ગુનામાં પકડાયો હતો. ડીસીબીના સ્ટાફે જણાવ્યું કે મુંબઈમાં હીરાની ચીટીંગમાં આરોપી અલ્પેશ નારણ સુતરીયા મુંબઈની જેલમાં બંધ હતો. તે વખતે નવી મુંબઈના હીરા દલાલ ભરત કોંઘોલ અને આરોપી અલ્પેશની પત્ની જેલમાં મળવા ગયા હતા. જેલમાં આરોપી અલ્પેશ સુતરીયાએ હીરાદલાલને સુરતના હીરાના વેપારીની ટીપ આપી હતી.

વધુ માહિતી અનુસારઆરોપીએ સુરતના હીરા વેપારીનો મોબાઇલ નંબર આપી તે વેપારી પાસેથી લાખોના હીરા લઈ ચીટીંગ કરવાની વાત કરી હતી. જેના માટે ઈન્ડિયા માર્ટ નામની વેબસાઇટ પર લાલજી જેમ્સના નામે ૫૦ કેરેટના સીવીડી ડાયમંડની જરૂરીયાતની જાહેરાત મુકી હતી. આરોપી અલ્પેશ સુતરીયાએ જેલમાં જવા પહેલા સુરતના હીરા વેપારી સાથે હીરાની ખરીદી બાબતે વાત કરી હતી. જેથી વેપારી પાસે અલ્પેશનો નંબર પહેલેથી હતો. વળી અલ્પેશ જેલમાં ગયા પછી મોબાઇલ તેની પત્ની ઉપયોગ કરતી હતી. બાદે હીરાદલાલે તેના સાગરિત પિયુષ આહીર અને વિપુલ કાપડીને ઘોડદોડ રોડના કેનપસ મોલમાં મોકલી ત્યાં હીરાના વેપારીને પુમા શોરૂમની સામે બોલાવી ૪.૫૦ લાખના હીરા લઈ પંદર મિનિટમાં રૂપિયા લઈને આવવાનું કહી ભાગી ગયા હતા.

ત્રીજી ઘટનામાં સુરત સચીન જીઆઇડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાખો રૂપિયાના કેમિકલ ચીટિંગનો મામલો સામે આવ્યો હતો, જેમાં પોલીસે કાર્યવાહી કરીને તેલંગણાના હૈદરાબાદથી પિતા-પુત્ર સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ કુલ ૩૦,૬૨,૪૧૩ની મત્તાના કેમિકલનો માલ ઓનલાઇન ઓર્ડર આપીને મંગાવ્યો હતો, પરંતુ તેના રૂપિયા ચૂકવ્યા વિના ફરાર થઈ ગયા હતા. હર્મ્સ કેમિકલ કંપની પ્રા. લી.ના નામે કૃણાલ અશોક સિગડીયા અને તેના પિતા અશોક મોહનલાલ સિગડીયાએ ઓનલાઇન ઓર્ડર આપીને અલગ-અલગ બિલ અને ચલણ દ્વારા કુલ ૩૦,૬૨,૪૧૩ની કિંમતનો કેમિકલનો માલ મંગાવ્યો હતો. આ માલ મળ્યા બાદ, આરોપીઓએ ફરિયાદીની કંપનીને રૂપિયા ચૂકવ્યા ન હતા અને પોતાની કંપની બંધ કરીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે કંપનીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા સચિન જીઆઇડીસી પોલીસે તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી હતી. આરોપીઓ તેલંગણાના હૈદરાબાદ ખાતે છુપાયેલા છે. આ માહિતી મળતા જ ત્યાં પહોંચી પોલીસે કૃણાલ અશોક શિંગડીયા અને તેના પિતા અશોક મોહનલાલ શિંગડીયાની ધરપકડ કરી હતી.

### મિલ્કતના વિવાદમાં પોતાના પારકા બની જતી હોવાની વધુ એક ઘટના

# વોન્ટેડ પત્નીનો સામાન પતિ-જેઠ ઓળવી ગયા...!

## મહિલા વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરાવાયા બાદ તેણી ફરાર થઇ, ધરપકડ બાદ જામીન પર છુટી ઘરે આવી તો તાળા તૂટેલા હતાં, સામાન ગાયબ હતોઃ નોંધાવી ચોરીની ફરિયાદ

રાજકોટ, તા. ૨૯

મિલ્કતો પચાવી પાડવા માટે લોકો કેવા કેવા કાવત્રા ઘડતા હોય છે તેના અનેક કિસ્સા મોજુદ છે. હજુ પરમ દિવસે જ રાજકોટમાં એક બહેન તેના વૃધ્ધ ભાઈનું લાખોનું મકાન પચાવી જતાં પોલીસે એફઆઈઆર દાખલ કરી હતી. દરમિયાન એક બનાવમાં એક પરિણીતાને લેન્ડ ગ્રેબીંગના ગુનામાં વોન્ટેડ જાહેર કરાવામાં આવ્યા બાદ તેના પતિ અને જેઠે તેણીના ઘરનું તાળુ તોડી સામાન ચોરી લીધાનો કિસ્સો સામે આવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના નિકોલમાં પરિણીતાએ પતિ અને જેઠ વિરૂદ્ધ ઘરના સામાનની ચોરીની ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જેઠ દ્વારા મહિલા વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાવવા આવતા પરિણીતા વોન્ટેડ જાહેર કરાઈ હતી. તે દરમિયાન પરિણીતા ઘરને તાળુ મારી જતી રહી હતી. ત્યાર બાદ પતિ અને જેઠ દ્વારા તાળુ તોડી ટીવી, ફ્રીઝ, એસી, વોશિંગ મશીન, શોફા તેમજ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ સહિતના ડોક્યુમેન્ટ ચોરીને સંતાડી દેવાઈ છે. દરમિયન પરિણીતા આગોતરા જામીન મેળવ્યા બાદ ઘરે પરત ફરતા ઘરમાં સામાન ન હોવાથી ચોરીની ફરિયાદ નોંધાવી. નવા નરોડા વિસ્તારમાં આવેલા હરીદર્શન ચાર રસ્તા પાસે ગોકુળ ડુપ્લેક્ષમાં રહેતી મેઘાવી રાઠોડે નિકોલ પોલીસ સ્ટેશનમાં પતિ હરદેવસિંહ રાઠોડ અને જેઠ -દિપસિંહ રાઠોડ વિરૂદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ મેઘાવી રાઠોડ મૂળ અરવલ્લી જિલ્લાના મોડાસાના બોલુંદ્રા ગામની વતની છે અને છેલ્લા ૯ મહિનાથી માતા-પિતા સાથે રહે છે. મેઘાવીના લગ્ન વર્ષ ૨૦૧૪માં સમાજના રીતરીવાજ મુજબ હરદેવસિંહ રાઠોડ સાથે થયા હતા. મેઘાવીને બે સંતાન છે જેમાં એકની ઉંમર ૯ વર્ષ છે અને બીજાની ઉંમર ૫ વર્ષની છે. મેઘાવી અને હરદેવસિંહ બાળકો સાથે ગોકુલ ડુપ્લેક્ષમાં રહેતા હતા. થોડા સમય બાદ હરદેવસિંહને પરસ્ત્રીના પ્રેમમાં પડ્યો હતો. જેના કારણે લગ્નજીવનમાં કંકાસ શરૂ થઈ ગયો હતો. હરદેવસિંહ તેની પ્રેમિકાને લઈને ગાંધીનગર રહેવા જતો રહ્યો હતો. કોઈ ચમત્કાર થશે અને હરદેવસિંહ પાછો આવી જશે તેવું વિચારીને



મેઘાવી તેની વાટ જોઈ રહી હતી. પરંતુ મામલો વધુ ખરાબ થયો હતો.

દરમિયાન સાસરીયાઓએ મેઘાવીને ત્રાસ આપવાનું શરૂ કર્યું અને ઘરમાંથી કેવી રીતે કાઢી મુકવી તેના ષડયંત્રો શરૂ કર્યા હતા. મેઘાવીના જેઠ પ્રદિપસિંહે ષડયંત્રની આગેવાની લઈને ખેલ શરૂ કર્યો હતો. મેઘાવી બાળકો સાથે મકાન ખાલી કરી દે તે માટે -દિપસિંહે ધમપછાડા શરૂ કર્યા હતા. મકાન સંયુક્ત પરિવારના નામે હોવાથી મેઘાવીએ સાસરિયાના ષડયંત્રોની અવગણના કરવાની શરૂ કરી દીધી હતી અને મુંગા મોઢે ઘરનું કામ કરતી હતી. પ્રદિપસિંહે મકાન પોતાનું હોવાનો દાવો શરૂ કર્યો હતો. ત્યાર બાદ મેઘાવીએ પણ સાસરીયાઓને જણાવ્યું હતું કે, શાહીબાગમાં જે મકાન ભાડે આપ્યું છે ત્યાં અમારી રહેવાની વ્યવસ્થા કરી આપો તો અમે આ મકાન ખાલી કરી દઈશું.મેઘાવીની વાત બાદ સાસરીયાઓ તેને ઘરમાંથી કાઢી મુકવા માટે કાવાદાવા શરૂ કર્યા હતા. પ્રદિપસિંહે મકાન પચાવી પાડવાના ઈરાદે ડેપ્યુટી કલેક્ટરમાં મેઘાવી વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરવા માટેનો હુકમ મેળવી લીધો હતો.

લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ થતાની સાથે જ મેઘાવીએ ઘરને તાળુ મારીને જતું રહેવું પડ્યું અને તેણે કોર્ટમાંથી આગોતરા જામીન લેવા માટેની કાર્યવાહી શરૂ કરી હતી. તમામ પુરાવાઓ તપાસતા કોર્ટે મેઘાવીને આગોતરા જામીન આપ્યા હતા. ત્યાર બાદ તે તપાસ અધિકારી પાસે હાજર થઈ હતી. મેઘાવી ગોકુલ ડુપ્લેક્ષમાં રહેવા માટે ગઈ ત્યારે તેના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. મકાનમાં તેણે મારેલું તાળુ તુટેલું હતું અને તેમાં સાસુ સસરા રહેતા હતા. મેઘાવીએ આસપાસમાં પૂછપરછ કરી તો તેને જાણવા મળ્યું કે, પતિ હરદેવસિંહ અને જેઠ પ્રદિપસિંહ અન્ય માણસો સાથે આવ્યો હતો અને મકાનનું લોક તોડીને સામાન ભરીને લઈ ગયા હતા. મેઘાવીએ તેના સાસુ સસરાને આ બાબતે પૂછ્યું તો તેમણે બબાલ કરવાની કરી હતી.

મેઘાવીએ તરત જ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરી દીધો અને ચોરીની ફરિયાદ કરી હતી. મકાનમાં રહેલું ટીવી, ફ્રીજ, એસી, વોશિંગ મશીન, શોફા તેમજ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ સહિતના ડોક્યુમેન્ટ ચોરી થયા હતા. મેઘાવીએ વકીલ મારફતે સામાન લેવાની કાર્યવાહી કરી હતી. પરંતુ સાસરીયાએ સામાન પરત નહીં આપતા અંતે નિકોલ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. પોલીસે પતિ તેમજ જેઠ વિરૂદ્ધ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.





# સૌ.યુનિના કુલપતિ મદુરાઈ ખાતે આયોજિત સ્મરણાંજલી કાર્યક્રમમાં રહ્યા હાજર

### સૌરાષ્ટ્ર ભાષાની વેબસાઈટનું કર્યું લોન્ચિંગ : ડો. દામોદર હેરીટેજ ચેરના પ્રારંભથી તેમની મૂળ ભૂમિ સૌરાષ્ટ્ર સાથે જોડાણ અર્થે વિવિધ સ્તરે આદાનપ્રદાન માટે સતત પ્રવૃત રહ્યા

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનીવસિટી અંતર્ગત તમિલનાડુમાં એક હજાર વર્ષ પૂર્વે વિસ્પિત થયેલ સોરાષ્ટ્ર લોકો સાથે સંકૃતિક આદાનપ્રદાન અને વિવિધ વિષયે અભ્યાસ અર્થે ૨૦૦૮માં સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરની સ્થાપના થયેલ. સોરાષ્ટ્ર હેરીટેજ ચેરની સ્થાપના સમયથી કાર્યરત ચેરના મદુરાઈ ખાતેના કોર્ડીનેટર એવા સાહિત્ય અકાદેમી પુરસ્કૃત ડો. દામોદરના દુખદ અવસાન થયેલ. ડો. દામોદરના જીવન પર્યંત સૌરાષ્ટ્રી ભાષા અને સાહિત્ય ને કરેલ અમૂલ્ય પ્રદાનને ધ્યાને લઇ સૌરાષ્ટ્ર હેરીટેજ ચેર, સૌરાષ્ટ્ર સદસ, મદુરાઈ દ્વારા તા. ૧૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ કે.એલ.એન. પોલીટેકનિક કોલેજ, મદુરાઈ ખાતે 'સ્મરણાંજલી' કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનીવસિટીના કુલપતિ પ્રોફેસસર ઉત્પલ જોશીના પ્રમુખસ્થાને યોજાયેલ.

સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરના કોર્ડીનેટર પ્રો આર. બી ઝાલા દ્વારા સ્વાગત પ્રવચનમાં ડો ટી. આર. દામોદરના અવસાન ને શિક્ષણ જગત માટે ન પુરી શકાય તેવી ખોટ તરીકે ગણાવતા તેમના વર્ષોના સંગાથ અને અનુભવને યાદ કરી અને ઊંડા દુખની લાગણી વ્યક્ત કરેલ. સાથે હેરીટેજ ચેરના પ્રારંભથી તેમની મૂળ ભૂમિ સૌરાષ્ટ્ર સાથે જોડાણ અર્થે વિવિધ સ્તરે આદાનપ્રદાન માટે સતત પ્રવૃત રહ્યા. મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત એમ.કે. જવાહર બાબુ (પ્રમુખ, સૌરાષ્ટ્ર વિદ્યાસંગમ, એન.એમ.આર. સુબ્બારામન મહિલા કોલેજ, મદુરે)એ ડો. દમોદરનના સૌરાષ્ટ્ર લિપિનું જ્ઞાન પ્રસરે તે માટેના વિશાળ પ્રયાસો તથા સાહિત્ય ક્ષેત્રે તેમના યોગદાનની નોંધ લીધી હતી..

શ્રદ્ધાંજલિના ભાગરૂપે ડો. દામોદરની છબીને કુલપતિ તથા ઉપસ્થીત વિવિધ સૌરાષ્ટ્રી સંગઠનના આગેવાનો પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સત્રનો સમાપન ધન્યવાદ પ્રસ્તાવ સાથે થયો જે પ્રોફ. એમ.એન.એસ. જયંથીએ આપ્યો. ઈજી. કે.એસ.ડી. શિવપ્રસાદ અને પ્રોફ. એલ.આર. ગોવર્ધનન એ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું.

સત્ર બેમાં ઉપસ્થિત વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આર.આર. સત્યમૂર્તિ, ટી.એસ. કૃષ્ણારામ, એસ.પી. ગીતા ભારતીય, કે.કે, જ્ઞાનપ્રભાકરન, કે.કે. દિનેશ, એસ.કે.આર. રમેશ, અર્જુન કૃષ્ણારામ અને જય. આર. જવાહરલાલ પોતાના સબોધનમાં ડો. દમોદરનના માતૃભાષા અને સાહિત્ય માટેના અવિરત સેવાકાર્યની પ્રશંસા કરી અને તેમના કાર્યને આગળ વધારવા અહવાન કરેલ. બપોરના સત્રમાં ''.તફીફિતવર્શિ. જ્ઞલિ'' બોલચાલની (સ્પોકન) સૌરાષ્ટ્રી માટેની નવી વેબસાઇટ-નું ઉદઘાટન ઉપકુલપતિ પ્રોફ. ઉત્પલ એસ. જોશી દ્વારા થયું.

# નામીચા બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર જેનીસ પાસામાં

### મારામારીના ત્રણ ગુનામાં સંડોવણીઃ યુનિવર્સિટી પોલીસે કરી વોરન્ટ બજવણીઃ અમદાવાદ જેલમાં ધકેલાયો

રાજકોટ, તા. ૨૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં એક સમયે દારૂની રેલમછેલ કરી દેનારા નામચીન બુટલેગર હર્ષદ મહાજનના દિકરાને મારામારીના ગુનાઓમાં પોલીસે પાસા તળે જેલમાં ધકેલી દીધો છે. દારૂ સહિત અનેક ગુનાઓમાં સામેલ બૂટલેગર હર્ષદ ઉર્ફે મહાજનના દિકરાને પણ હવે પાસા તળે જેલની હવા ખાવાની નોબત આવી છે. હર્ષદના દિકરા વિરૂધ્ધ મારામારીના ત્રણ ગુના નોંધાયા હોઇ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસાનું વોરન્ટ ઇશ્યુ કર્યુ હતું. ૧૫૦ રીંગ રોડ સિનર્જી હોસ્પિટલ



પાછળ સુંદરમ્ શીલ્પ એપાર્ટમેન્ટ બી-વીંગ બ્લોક નં. ૩૦૨માં રહેતાં જેનીશ હર્ષદ ઉર્ફે મહાજન માણેલાલ માંડલીયાને પાસામાં ધકેલીવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી પોલીસે તૈયાર કરી હતી.

આ દરખાસ્ત મંજુર થતાં જેનીશને અમદાવાદ જેલમાં ધકેલાયો છે. જેનીશ વિરૂધ્ધ ગાંધીગ્રામ, માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં મારામારીના ત્રણ ગુના નોંધાયા હતાં. પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલ, પીએસઆઇ જે. એન. ખટાણા, એએસઆઇ સિધ્ધરાજસિંહ ચુડાસમા, હેડકોન્સ. મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઇ મારૂ, હરેશભાઇ સારદીયા, જેન્તીભાઇ રાઠોડ, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, મૈસુરભાઇ કુંભારવાડીયા અને પીસીબીના રાજુભાઇ દહેકવાલે વોરન્ટ બજવણી કરી હતી. તાજેતરમાં સિનર્જી હોસ્પિટલ પાસે બેઠક નામની ચાની હોટલે જેનીશે મારામારી કરી છરીથી હુમલો કર્યો હતો.

# ગીરના જંગલને હવે સાલશે જય-વીરૂના ડણકની ખોટ

### ઈન્ફાઇટમાં ઈજાગ્રસ્ત થયેલ જયનું મોત : એક માસ અગાઉ વીરૂનું થયું હતું મોત

રાજકોટ તા. ૨૯

સાવજો વિખૂટા પડે પણ તેની ડણખ વર્તમાન અને ભવિષ્યમાં પણ ગર્જતી રહે છે. ત્યારે ગીરના જંગલની દંત કથા સમાન સિંહ જોડી એવી જય અને વીરૂ વિખૂટા પડી ગયા છે. પરંતું, તેમની આત્માનો અવાજ સ્વદેવ ગીરના જંગલમાં ગુંજતો રહેશે. તેમાં કોઇ શંકા નથી. મળતી માહિતી મુજબ, ગત એક માસ પૂર્વે વિરૂ નામના સાવજનું મૃત્યુ થયું હતું. ત્યારે ગઇકાલે જયનું અવસાન થયું છે અને આ અતૂટ જોડીનો અંત આવ્યો છે. સમગ્ર વન્ય જીવપ્રેમીઓમાં પણ શોકનો માહોલ પ્રસરી ચૂક્યો છે. ઈન્ફાઇટમાં જય નામનો સાવજ ઈજાગ્રસ્ત થયો હતો અને તેને સાજો કરવામાં પશુચિકિત્સકો દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતું, તે પ્રયત્નો સાર્થક ન નિવડ્યા અને તે ગંભીર ઈજામાંથી બહાર ન આવી શક્યો અને અંતે જય મોતને ભેંટ્યો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જોડીને વડાપ્રધાન મોદીએ પણ નિહાળી હતી. ગીરના હૃદયમાં જય અને વીરૂની વાતોએ દરેકને વિચારતા કરી દીધા હતા અને પરિણામ સ્વરૂપે તેઓને જોવા આવનારની સંખ્યામાં સતત ઉછાળો રહેતો. હિન્દુ સિનેમાની ખુબજ જાણીતી ફિલ્મ શોલેમાં જે જય-વીરૂનું પાત્ર જોવા મળતું તેવો જ ભાવ આ સાવજોમાં જોવા મળતો. ત્યારે જય અને વીરૂની વિદાય સાથે એક યુગનો જાણે અંત આવ્યો હતો તેવું ચિત્ર ઊભું થયું છે. વન્યપ્રેમીઓનું માનવું છે કે, બન્નેની મિત્રતા અને તેમની નિર્ભયતાની ગાથા સ્વદેવ જીવંત રહેશે.



### ગમે તેવા નામ રાખી બંબૂડા લઈ હાલી નીકળનારાઓનો રાજ્યભરમાં ઉપાડો

# બ્લેકમેઈલ કરી ખંડણી માંગીઃ બોગસીયો પત્રકાર ઝડપાયો

### યુ-ટ્યુબ પર મુકેલા વિડીયો-ક્લીપ હટાવવાના બદલામાં બે લાખ માંગ્યા હતાંઃ પોલીસે કરાવ્યું કાયદાનું ભાન

રાજકોટ, તા. ૨૯

રાજ્યભરમાં અનેક અલગ અલગ નામની ડિજીટલ કે પછી સોશિયલ મિડીયાના નામે પત્રકારો, મિડીયામેન બની જઇ બંબૂડા અને કેમેરા લઇ હાલી નીકળનારાઓનો તોટો નથી. સાચુ અને સમાજ ઉપયોગી રિપોર્ટીંગ થાય તો એ સારી વાત છે. પરંતુ અનેક એવા ઉભા થઇ ગયા છે જે આ માધ્યમનો ઉપયોગ રૂપિયા કમાવવા, ગામને બ્લેકમેઇલ કરવા માટે કરી રહ્યા છે. વધુ એક આવા કિસ્સામાં એક બોગસીયો પત્રકાર ઝડપાયો છે. જેણે યુ-ટ્યુબ પર વિડીયો મુકી એક વ્યક્તિને બદનામ કરવાની ધમકી દઇ બે લાખની ખંડણી માંગી હતી. આ વ્યક્તિએ ડર રાખ્યા વગર પોલીસનો સંપર્ક કરતાં પોલીસે તુરંત કાર્યવાહી કરી નકલી કહેવાતા પત્રકારને હાથવગો કરી કાયદાનુ બરાબરનું ભાન કરાવ્યું હતું.

રાજ્યભરમાં બીલડાની ટોપની જેમ અનેક લેભાગુ પત્રકારો ઉભા થઇ ગયા છે જેઓ અંગત લાભ માટે કોઇપણ હદ સુધી જઇ શકે છે. વિચીત્ર નામની સમાચાર ચેનલના નામે યુ ટ્યુબ પર એક વિડીયો પોસ્ટ કરીને એક વ્યક્તિને બદનામ કરવાની ધમકી આપીને બે લાખની ખંડણી માંગવાના કેસમાં શાહપુર પોલીસ ઓજેફ તીરમીજી નામના બોગસ પત્રકારની ધરપકડ કરી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે બહેરામપુરામાં એક વ્યક્તિ કન્ટ્રક્શન સ્કીમ ચાલુ કરી હતી, જે પ્લોટીંગ સ્કીમ બદનામ થાય તેવા બદઇરાદાથી આબેદા માજીદ શેખ, ઓજેફ તીરમીજી, સાબીર હુસૈન શેખ અને અજીમખાન પઠાણે એક વિડીયો બનાવીને ધ પાવર ઓફ ટ્રુથ અને જીજે ૦૧ સમાચાર નામની યુ ટ્યુબ પર મુક્યો હતો. જે હટાવવા અને વધુ વાયરલ ન કરવાના બદલામાં ફરીયાદીના મામાના દીકરાને ખાનપુરમાં આવેલા અલફીયા લેટ બોલાવીને બે લાખની ખંડણી માંગી હતી. સાથેસાથે ધમકી આપી હતી કે જો પૈસા નહી આપો તે વિડીયો વાયરલ કરશે.

આ રીતે સતત નાણાંની માંગણી કરતા છેવટે આ અંગે શાહપુર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. જેના આધારે શાહપુર પોલીસે ઓજેફ તીરમીજીની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે ખંડણીખોર ઓજેફ તીરમજીની અગાઉ ગાયકવાડ હવેલી પોલીસે ધરપકડ કરી હતી. હાલ તેની વિરૂદ્ધ ચાંદખેડા, સાયબર ક્રાઇમ, વેજલપુર , ગાયકવાડ હવેલી, શાહપુર અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં કુલ નવ ગુના નોંધાઇ ચુક્યા છે. ત્યારે શાહપુર પોલીસ બાદ અન્ય ગુનામાં તેની ધરપકડ થવાની શક્યતા છે. પત્રકારત્વને બદનામ કરતા આવા તત્વોને પોલીસ કડક પાઠ ભણાવે તે ખુબ જરૂરી છે.



### લૂંટેરી દૂલ્હન ગેંગનો મુખ્ય સુત્રધાર ઝડપાયો રાજયભરના ગુનાઓ ઉકેલાવાની પોલીસને આશા

લગ્નવાંચ્છુ યુવાનોને છેતરવાના કિસ્સા વારંવાર બને છે. લૂંટેરી દૂલ્હન લગ્નના એકાદ બે દિવસ બાદ જ બહાનુ કરી રોકડ દાગીના ઉસેડી ભાગી જતી હોય છે. આ આખી ટોળકી કામ કરતી હોય છે. દરમિયાન વલસાડ શહેર પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગના મુખ્ય સુત્રધાર હિતેશ ઉર્ફે રસીક ઉર્ફે રાહુલ રતીલાલ કાપડિયાને ઝડપી પાડ્યો છે. આરોપી છેલ્લા બે વર્ષથી પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરાર હતો. વલસાડ જિલ્લાના પોલીસ વડા ડો. કરનરાજ વાઘેલાની સૂચનાથી સીટી પીઆઇ દિનેશ પરમારના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. -ાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે આરોપી હિતેશ લગ્નની ઇચ્છા ધરાવતા યુવકોને નિશાન બનાવતા કૌભાંડનું મસ્ટરમાઈન્ડ હતો. તે નાસીક અને નાગપુરથી મહિલાઓ લાવતો હતો. બનાવટી સગાં ભા કરી લગ્નના ખર્ચના નામે મોટી રકમ વસૂલતી ગેંગ ચલાવતો હતો.

લગ્ન થયા પછી નવવિવાહિત મહિલાઓ પોતાના સાસરેથી ઘરેણાં અને રોકડ લઈને નાસી જતી હતી. તાજેતરમાં કચ્છના એક યુવક સાથે આવી જ રીતે ઠગાઈ કરવામાં આવી હતી. યુવક સાથે યુવતીના સુરત ખાતે લગ્ન કરવામાં આવ્યા. લગ્ન નોંધણી વલસાડ ખાતે કરાવવામાં આવી. બાદમાં મેરેજ સર્ટિફિકેટ લેવા વલસાડ બોલાવી ઘરેથી રોકડ અને સોના સાથે યુવતી ફરાર થઈ ગઈ હતી. આ કેસની વિગત મળ્યા બાદ ટેકિન્કલ સર્વેલન્સના આધારે વલસાડ પોલીસે આરોપીને શહેર નજીકથી ઝડપી પાડ્યો છે. વધુ કાર્યવાહી માટે તેને ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો છે. વધુ તપાસમાં રાજ્યભરમાં આવા અનેક ગુનાઓ આ ટોળકીએ આચર્યાનું બહાર આવી રહ્યું છે. અનેક આવા ગુનાના ભેદ ખુલવાની પોલીસને આશા છે.

### તમારા આધારકાર્ડથી સીમકાર્ડ ખરીદાયુ છે, બેંકમાં ખાતુ ખુલ્યું છે અને ૬૮ લાખ તેમાં જમા થયા છે એ ફ્રોડના છે!

# તમારા કારણે મહિલાએ આપઘાત કર્યો...વૃધ્ધને ડરાવી લાખો પડાવ્યા

## ગંગોત્રી પાર્ક પાસે પામ યુનિવર્સમાં રહેતાં ફોરેસ્ટના નિવૃત કર્મચારી વૃધ્ધને ટ્રાય અને મહારાષ્ટ્ર સાયબર ક્રાઇમના નામે ડરાવી ૮ લાખ ૯૩ હજાર ઉસેડી લેવાયાઃ સાયબર ક્રાઇમ પોલીસ ઇન્સ્પેક્ટર ગીલવાએ શરૂ કરી તપાસઃ દસ અલગ અલગ ખાતામાં રૂપિયા જમા થયા

રાજકોટ તા. ૨૯

સાયબર ગઠીયાઓ અવાર-નવાર એક જ પ્રકારના નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને છેતરી લેતાં હોય છે. ડિજીટલ એરેસ્ટની વધુ એક ઘટના રાજકોટ શહેરમાં સામે આવી છે. જેમાં નિવૃત જીવન જીવતાં ફોરેસ્ટ વિભાગના હેડક્લાર્કને ટ્રાય અને મહારાષ્ટ્ર સાયબર ક્રાઇમના નામે એક યુવતિ તથા એક શખ્સે ફોન કરી તમારા આધારકાર્ડને આધારે સીમ કાર્ડ કાઢી, બેંક એકાઉન્ટ ખોલી તેમાં અડસઠ લાખનું ફ્રોડ આચરાયું છે અને આ રકમ ગુમાવનારા મહિલાએ આપઘાત કરી લીધો છે, હવે તમારી ધરપકડ થશે તેમ કહી ડરાવી વિડીયો કોલ કરી તેમની પાસેથી આઠ લાખ ત્રાણુ હજાર જેવી રકમ ઉસેડી લેવાઇ છે. આ મામલે શહેર સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના રૈયા સ્મશાન નજીક ગંગોત્રી પાર્ક મેઇન રોડ શિલ્પન ઓનેક્સ પાસે પામ યુનિવર્સમાં રહેતાં ફોરેસ્ટ વિભાગના નિવૃત હેડક્લાર્ક વૃધ્ધને ટ્રાયના નામે અને મહારાષ્ટ્ર સાયબર ક્રાઇમના નામે ફોન કરી તમારા આધારકાર્ડનો ઉપયોગ કરી સીમ કાર્ડ કઢાવી બેંક એકાઉન્ટ ખોલાવાયું છે અને તેના આધારે ૬૮ લાખનું ફ્રોડ થયું છે. જેના રૂપિયા ગયા છે એ મહિલાએ આપઘાત કરી લીધો છે, હવે તમારી એરેસ્ટ કરવી પડશે, તમારે મુંબઇ આવવું પડશે અને મુંબઇ ન આવવું હોય તો વિડીયો કોલથી ઇન્ટ્રોગેશનમાં સહકાર આપવો પડશે તેમ કહી યુવતિ અને યુવકે વૃધ્ધને ડરાવી ધમકાવી બોન્ડ જામીનના નામે તેમની પાસેથી કટકે કટકે ૮,૯૩,૦૨૩ ટ્રાન્સફર કરાવડાવી આ રકમ ખાઇ જવામાં આવી છે. આ બનાવ સંદર્ભે સાયબર ક્રાઇમ પોલીસે રૈયા પાટીદાર ચોક પાસે શિલ્પન ઓનેક્સ પાસે ગંગોત્રી પાર્ક મેઇન રોડ પર પામ યુનિવર્સ ફ્લેટ નં. ૨-સી ખાતે રહેતાં અને નિવૃત જીવન જીવતાં ત્રેસઠ વર્ષના સુર્યકાંતભાઇ મોહનલાલ રાઠોડની ફરિયાદ નોંધવામાં આવી છે.

તેમની ફરિયાદને આધારે સાયબર ક્રાઇમ પોલીસે અજાણ્યા વ્હોટ્સએપ નંબર અને અલગ અલગ બેંક ખાતાના ધારકો વિરૂધ્ધ ૮,૯૩,૦૨૩ની ઠગાઇનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સુર્યકાંતભાઇ રાઠોડે જણાવ્યું છે કે હાલ હું એકલો રહુ છું અગાઉ ફોરેસ્ટ હેડ ક્લાર્ક તરીકે બહુમાળી ભવન ખાતેની કચેરીમાં ફરજ બજાવતો હતો. ૨૦૧૯માં નિવૃત થયો છું. ગત ૨૮/૧૧/૨૪ના બપોરે સવા ત્રણેક વાગ્યે મને મારા મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે હું



ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ટ્રાય)માંથી દિયા શર્મા બોલી રહી છું, મારુ જોબ આઇડી નં. ૧૫૩૦૯ છે. તેમ કહી તેણીએ મારી સાથે વાત કરી કહેલુ કે તમારા મોબાઇલમાં જીઓ કંપનીના બે સીમ કાર્ડ છે તેનો ગલત ઉપયોગ થઇ રહ્યો છે, તે સીમ કાર્ડ બંધ કરવું પડશે.

આ પછી દિયાએ કહેલું કે હું તમારુ સીમ કાર્ડ અમારી ઓફિસ ખાતેથી જ બંધ કરી નાખુ છું. જેથી મેં કહેલુ કે મારી પાસે તો એક જ સીમક ર્ડા છે. બાદ થોડીવાર પછી મને ફરીથી અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેણે બીકેસી મહારાષ્ટ્રથી સાયબર ક્રાઇમ ઇન્સ્પેક્ટર મોહિત હાન્દા બોલુ છું તેમ કહી મને મારા આધાર કાર્ડ નંબર આપ્યા હતાં અને આ જ નંબર તમારા છે ને? તેમ પુછતાં મેં હા પાડી હતી. આથી તેણે કહેલું કે આ આધારકાર્ડ નંબર ઉપર એક એરટેલનું સિમકાર્ડ ચાલુ છે, તેમજ મોબાઇલ સીમ કાર્ડ અને તમારા આધારકાર્ડ ઉપરથી એચડીએફસી બેંકમાં એક ખાતુ ખુલ્યું છે. આ એકાઉન્ટમાં ૬૮ લાખનું ટ્રાન્જેક્શન થયું છે.

તે કોઇ મહિલાના પૈસા ગયા છે અને એ મહિલાએ આ ફ્રોડ થવાને કારણે સ્યુસાઇડ કરી લીધેલ છે. હવે તમારા નામે એરેસ્ટ વોરન્ટ છે, તમે મુંબઇ આવો તેમ કહ્યું હતું. મેં તેને હું મુંબઇ ન આવી શકું તેમ કહેતાં તેણે મને તો તમારું ઇન્ટ્રોગેશન વિડીયો કોલમાં કરવું પડશે તેમાં તમે કો-ઓપરેટ કરો તેમ કહેતાં મેં હા પાડી હતી. એ પછી તેણે કહેલું કે એરેસ્ટ ન થવું હોય તો બે લાખ બોન્ડ જામીન આપવા પડશે. આથી હું ગભરાઇ ગયેલો. એ પછી મોહિત હાન્દા નામે વાત કરનારે મને ૨૯/૧૧ના સાંજે સવા પાંચેક વાગ્યે એક લિંક મોકલી હતી. આ લિંક મેં ઓપન કરતાં મારી મોબાઇલ સ્ક્રીન ખુલી હતી. તે મને જોઇ શકતા હોય તેવુ લાગ્યું હતું.

ત્યારપછી તેણે વિડીયો કોલથી વાત કરી હતી અને તેણે જે ખાતા નંબર કહ્યા તેમાં મેં અલગ અલગ રકમ ટ્રાન્સફર કરી હતી. જમાં સીટી યુનિયન બેંકમાં ૪૪ હજાર તા. ૧/૧૨/૨૪ના રોજ, ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેંકમાં ૩૦/૧૧ના રોજ ૪૯ હજાર, સિટી યુનિયન બેંકમાં ૩૦/૧૧ના રોજ ૪૯ હજાર, ૧/૧૨ના રોજ સિટી યુનિયન બેંકમાં ૫૪ હજાર, ફેડરલ બેંકમાં ૩/૧૨ના રોજ ૪૯ હજાર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ૩/૧૨ના રોજ ૪૯ હજાર, કેનેરા બેંકમાં ૪/૧૨/૨૪ના રોજ ૫૦ હજાર, એક્સીસ બેંકમાં ૪/૧૨ના રોજ ૪૯ હજાર અને બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં ૭/૧૨ના રોજ ૫,૦૦,૦૨૩ રૂપિયા મેં ટ્રાન્સફર કરી દીધા હતાં.

સુર્યકાંતભાઇએ વધુમાં જણાવ્યું હતું કે મારી સાથે ફોનમાં વાત કરી મને વિશ્વાસમાં લઇ મારા આધાર કાર્ડ પર બીજુ બોગસ સીમ ચાલુ છે અને એચડીએફસી બેંકમાં તમારા નામે ખાતુ ખોલી તેમાં ફ્રોડના રૂપિયા જમા કરાવાયા છે તેમ કહી મને ડરાવી અલગ અલગ એકાઉન્ટમાં મારી પાસેથી કુલ રૂા. ૮,૯૩,૦૨૩ ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરાઇ હતી. આ અંગે મેં સાયબર ક્રાઇમ પોર્ટલ ૧૯૩૦માં અરજી કરી હતી. તેના આધારે હવે મેં ફરિયાદ કરી છે. તેમ વધુમાં સુર્યકાંતભાઇ રાઠોડે જણાવતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. ડી. ગીલવાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અગાઉ પણ રાજકોટમાં બે લોકોને ડિજીટલ એરેસ્ટ કરી એક એક કરોડથી વધુની રકમ પડાવી લેવાઇ હતી. હવે આ કિસ્સામાં નવ લાખ આસપાસની રકમ વયોવૃધ્ધે ગુમાવી દીધી છે.

---

### આજીડેમ પોલીસનો પટમાં દરોડોઃ તાલુકા પોલીસ છેક દસમા માળે પહોંચીઃ અહિથી છ મહિલા પાસેથી કબ્જે થયા માત્ર ૨૭૯૦ રૂપીયા

# શ્રાવણી જૂગારના બે દરોડા ૧૦ મહિલા સહિત ૧૫ પકડાયા

રાજકોટ, તા. ૨૯

શ્રાવણીયા જૂગારની મોસમ સતત ખીલી રહી છે. વધુ બે દરોડા પાડવામાં આવ્યા હતાં. આજીડેમ પોલીસે જાહેરમાં જૂગાર રમતાં મહિલાઓ સહિત નવને અને તાલુકા પોલીસે ફ્લેટમાં જૂગાર રમતી છ મહિલાને પકડી લીધી હતી. બંને દરોડામાં કુલ મળી દસ મહિલા અને પાંચ પુરૂષ પકડાઇ ગયા હતાં.



વિગતો જોઇએ તો આજીડેમ પોલીસે કોઠારીયા ચોકડી બ્રહ્માણી હોલ પાછળ રાધેશ્યામ સોસાયટીમાં મીનાબેન અગ્રાવતના મકાનની બાજુમાં જાહેરમાં જૂગાર રમાતો હોવાની બાતમી પરથી દરોડો પાડી હુડકો કવાર્ટરના ઘનશ્યામ લાલજીભાઇ ગઢાદરા, લાલપરી-૪ના સુરજ ચંદુભાઇ સાકરીયા, રણુજાનગર કનૈયા ચોકના હિતેષ રમણીકભાઇ કુબાવત, સહકાર રોડ ત્રિશુલ ચોકના ઇશાન સવજીભાઇ ચેખલીયા, રેલનગર શિતલપાર્કના રામજી મોહનભાઇ ડાભી, રાધેશ્યામ સોસાયટી-૩ના મીનાબેન રોહિતભાઇ અગ્રાવત, આશાપુરા સોસાયટીના અંબાબેન દિનેશભાઇ અધેરા, માધાપર રત્નમ વિલાના ગીતાબેન રવિભાઇ ગોસ્વામી તથા રાધેશ્યામ સોસાયટી-૩ના રંજનબેન સુરેશભાઇ વસોયાને તિનપત્તી રમતાં પકડી લઇ રૂા. ૧૪૯૮૦ની રોકડ કબ્જે કરી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાની રાહબરીમાં હેડકોન્સ. એસ. ડી. બારોટ, દેવાભાઇ ધરજીયા સહિતે આ દરોડો પાડ્યો હતો.

આ ઉપરાંત તાલુકા પોલીસે સ્પીડવેલ ચોકથી નવા ૧૫૦ રીંગ રોડના રસ્તે રામ ટાઉનશીપ એ-વિંગમાં દસમા માળે બ્લોક નં. ૧૦૦૬માં રહેતી નીશાબેન સંજયભાઇ નંદેસલીયાના ઘરમાં દરોડો પાડી તેને તથા બી-વિંગના નયનાબેન મનોજભાઇ સામાણી, લક્ષ્મણ ટાઉનશીપના વંદનાબેન હિતેષભાઇ વ્યાસ, રામ ટાઉનશીપ બી-વિંગના ભાવનાબા દિલીપસિંહ વાઘેલા, લક્ષ્મણ ટાઉનશીપના યોગીતાબેન નિમેષગીરી ગોસ્વામી અને ઉર્મિલાબેન ઇશ્વરગીરી ગોસ્વામીને જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૨૭૯૦ની રોકડ કબ્જે કરી હતી. હેડકોન્સ. જયદિપભાઇ દેવમુરારી, એએસઆઇ સલીમભાઇ માડમ, ધર્મેશભાઇ ડાંગર, અજયસિંહ જાડેજા સહિતે આ દરોડો પાડ્યો હતો. જો કે આ દરોડામાં જપ્ત થયેલી રકમ બાબતે ભારે ચર્ચા જાગી હતી.

---

# ઝાડવે લટકતી યુવાનની લાશે રહસ્ય સર્જ્યું

### અન્ય બનાવમાં આધેડનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુઃ યુવાનનો લિવરની બિમારીને કારણે જીવ ગયો

રાજકોટ તા. ૨૯

એક રહસ્ય જગાવતી ઘટનામાં અજાણ્યા યુવાનનું મોત થયું છે. રાજકોટ જીલ્લાના વિંછીયામાં એક અજાણ્યા યુવાનની ઝાડ પર લટકતી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. યુવાને આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તે જાણવા પોલીસે લાશનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી તપાસ આગળ વધારી છે.

વિગતો પર નજર કરીએ તો વિંછીયામાં આવેલા બોટાદ રોડ પર એક ઝાડમાં એક યુવાનની લાશ લટકતી હોવાની જાણ થતાંપોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. અજાણ્યા આશરે ૩૫ વર્ષના યુવાનનો મૃતદેહ નીચે ઉતારી તેની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. પરંતુ ઓળખ થાય તેવી કોઇ ચીજવસ્તુ મળી નહોતી. પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ યુવાનની લાશ ઝાડમાં બાંધેલા દોરડામાં લટકતી મળી હતી. તેણે આપઘાત કર્યો કે અન્ય કંઇ બનાવ બન્યો? તેની તપાસ હાથ ધરવામાં આવી છે. તસ્વીરમાં દેખાતા મૃતકના વાલીવારસ,



પરિચીતો હોય તો વિછીયા પોલીસનો સંપર્ક કરવો. મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો છે.

અન્ય એક અપમૃત્યુના બનાવમાં મોરબી મહેન્દ્રપરા ભક્તિનગરમાં રહેતાં જેન્તીભાઇ પ્રેમજીભાઇ પરમાર નામના ચુમાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર જેન્તીભાઇ સિરામીકમાં કામ કરતાં હતાં. તે ત્રણ ભાઇમાં બીજા નંબરે હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. તેમને બે વર્ષથી ફેફસાની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પરેશભાઇ, ધર્મેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ મોરબી એ-ડિવીઝન પોલીસ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

જ્યારે શાપર બુધ્ધનગરમાં રહેતો પાંત્રીસ વર્ષનો યુવાન કાશીરામભાઇ અમરશીભાઇ રાઠોડ ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેને સંતાનમાં બે દિકરી અને બે દિકરા છે. પોતે બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. લિવરની બિમારીને કારણે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયાનું જણાવાયું હતું. શાપર પોલીસે આ અંગે જરૂરી કાર્યવાહી કરી હતી.

---

### મણીનગરમાં કારખાનાની ઓરડીમાં ચોરના પગલા

# ત્રણ મજૂરના મોબાઇલ 'છૂ'



રાજકોટ તા. ૨૯

ચોરીના બનાવો યથાવત રહે છે. નાની મોટી ચીજવસ્તુ, રોકડ, દાગીનાની ચોરી થતી જ રહે છે. દરમિયાન ઘણીવાર મવડી પ્લોટ મણીનગર મેઇન રોડ અશોક ગાર્ડન પાસે પિતૃકૃપા નામના કારખાનાની ઓરડીઓમાંથી તસ્કરો રૂા. ૪૦૫૦૦ના ત્રણ મોબાઇલ ફોન ચોરી ગયા છે. આ અંગે મુળ બિહાર ભોજપુરના બરહરા ગામના વતની અને હાલ પિતૃકૃપા કારખાનામાં કામ કરી ત્યાં જ ઓરડીમાં રહેતાં જોગીન્દર નિરફિકર બીનની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધ્યો છે. રાતે જોગીન્દર અને તેનો મિત્ર બુધનકુમાર ઓરડીમાંસુઇ ગયા હતાં. ત્યારે મોબાઇલ ફોન નજીકમાં રાખેલા હતાં. સવારે જાગ્યા ત્યારે બંને મિત્રના ફોન ગાયબ હતાં. નીચેની ઓરડીમાં સુતેલા રોહિત દુર્ગાપ્રસાદનો ફોન પણ નહોતો. આમ કુલ ૪૦૫૦૦ના ઓપો, વીવો કંપનીના ફોન કોઇ રાતે ચોરી ગયું હતું. હેડકોન્સ. એ. વી. ચાવડાએ ગુનો નોંધતા ડી. સ્ટાફે તપાસ શરૂ કરી હતી.

---

# દિલની દગાખોરીથી આધેડ અને વૃધ્ધની જિંદગી ખતમ

### બજરંગવાડી તથા આસ્થા સોસાયટીમાં બનાવ

રાજકોટ તા. ૨૯

દિલની દગાખોરી વધુ બે લોકો માટે જીવલેણ નિવડી હતી. જામનગર રોડ પર બજરંગવાડી-૧૪માં રહેતાં ચુમાલીસ વર્ષના મહેશભાઇ જયસુખભાઇ ભટ્ટ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. મૃત્યુ પામનાર મહેશભાઇના છુટાછેડા થઇ ગયા હતાં. તે બે ભાઇમાં મોટા હતાં અને છુટક કામ કરતાં હતાં.

અન્ય બનાવમાં ૧૫૦ રીંગ રોડ આસ્થા રેસીડેન્સી પાસે રહેતાં ત્રેસઠ વર્ષના શિવલાલભાઇ ગોવિંદભાઇ વિરડીયા ઘરે સાયકલીંગ કરતી વખતે બેભાન થઇ જતાં મૃત્યુ થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. આ બનાવોમાં ગાંધીગ્રામ તથા માલવીયાનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

---

### તસ્કરો પણ ગજબનું ગજુ બતાવે છે, ચોકીદારની હાજરીમાં પણ હાથફેરા કરી જાય છે!

# ગાર્ડ પોઢી જતા ૧૦૮ ગુણી તલ ગાયબ

### નવાગામ રાણપુરના ગોડાઉનમાં થયેલી લાખોના તલની ચોરીમાં ટ્રક જેવા વાહનનો ઉપયોગઃ કેમેરા બંધ હોઇ ભેદ ઉકેલવા પોલીસને મોટો પડકારઃ કુવાડવા પોલીસ, એલસીબી, ડીસીબીની ટીમોની મથામણ

રાજકોટ, તા. ૨૯

અમુક અમુક તસ્કરો પણ ગજબનું ગજુ ધરાવતાં હોય છે. ઘરધણી કે પછી જે તે ગોડાઉન કારખાનામાં ચોકીદારની હાજરીમાં પણ ચોરી કરી જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના કુવાડવા રોડ પર આવેલા નવાગામ રાણપુરમાં બની છે. અહિ યુપી નોઇડાની કંપનીએ અનાજના સ્ટોરેજ માટે ભાડે રાખેલા ગોડાઉનમાં ત્રાટકી તસ્કરો પોણા પાંચ લાખના તલની પુરી એકસો આઠ ગુણીઓ ચોરી ગયા છે. ચોંકાવનારી અને નવાઇની વાત એ છે કે અહિ ચોરી થઇ એટલે ચોર આવ્યા ત્યારે સિક્યુરીટી ગાર્ડ પણ હતો. પરંતુ તે રાતે બાર વાગ્યે નિરાંતે પોઢી ગયો હતો. એ પછી તસ્કરો ટ્રક-આયસર જેવુ વાહન લઇને આવ્યા હતાં, બારી તોડી નિરાંતે એકસો આઠ ગુણીઓ ઉઠાવીને નીકળી ગયા હતાં. ચોકીદાર સવારે નિરાંતે જાગ્યા ત્યારે તેને ચોરી થયાની જાણ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો મુળ યુપીના ફતેગઢ ફરૂખાબાદની દુર્ગા કોલોનીમાં રહેતાં અને હાલ ગોંડલ માર્કેટ યાર્ડ ખાતે શોપ નંબર બી-૧૫૪ ખાતે નોકરીકરતાં સંજીવકુમાર રાજેન્દ્રપ્રસાદ શ્રીવાસ્તવએ આ બારામાં કુવાડવા રોડ પોલીસમાં એફઆઇઆર દાખલ કરાવી છે. સંજીવકુમારે જણાવ્યું છે કે હું હાલ ગોંડલ રહુ છું અને આર્યા કોલેટ્રોલ નામની કંપની જે નોઇડા યુપીમાં આવેલ છે અને અનાજ કરીયાણાનું સ્ટોરેજનું કામ કરે છે તેમાં હું ગુજરાત હેડ તરીકે ચાર મહિનાથી નોકરી કરુ છું. અમારી કંપની અનાજ કરીયાણાનો સ્ટોર કરવા માટે ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ગોડાઉન ભાડે રાખી અનાજ કરીયાણુ તેમાં સ્ટોર કરે છે.

મારુ કામ કંપની નવુ ગોડાઉન રાખે ત્યાૈ માણસો અપોઇન્ટ કરવાનું છે, જયારે ત્યાંના સુપરવાઇઝર ગોડાઉનનું રિપોર્ટીંગ કરી મને જાણ કરતાં રહે છે. અમારી કંપનીએ હાલમાં કુવાડવાના રાણપુર નવાગામ ખાતે વાંકાનેર હાઇવે પર



આરકે ગેઇટ નં. ૯ સામે જેન્તીભાઇ દેવરાજભાઇ કાકડીયાનું વેરહાઉસ છે જે ગોડાઉન તરીકે ચાર વર્ષથી ભાડેથી રાખ્યું છે. જેના સુપરવાઇઝર અભિષેક વિનુભાઇ વનાળીયા છે. જે અમારી કંપનીમાં એક વર્ષથી કામ કરે છે. અહિ દિવસે સિક્યુરીટી રાખતા નથી. સાંજે આઠથી સવારના આઠ સુધી સિક્યુરીટી ભરતભાઇ જાદવભાઇ ચૌહાણ ફરજ બજાવે છે અને તે પણ ચાર મહિનાથી નોકરી કરે છે. આ ગોડાઉનમાં અમે તલની ૨૨૭૦૨ ગુણીઓ રાખી હતી. ગત ચૌદમી જુલાઇના રોજ સાડા દસેક વાગ્યે મને ગોડાઉન સુપરવાઇઝર અભિષેકભાઇએ ફોન કરી કહેલુ કે આપણા ગોડાઉનને બારમીએ તાળા મારી બંધ કર્યુ હતું. હવે ચૌદમીએ સવારે ખોલતા ગાડીના ટાયરના નિશાન દેખાયા છે અને ગોડાઉનની બારી પાસે તલ ઢોળાયેલા છે.

તેમજ બારીનો કારચ પણ નથી તેવુ કહેતાં હું ત્યાં ગયો હતો. તપાસ કરતાં સિક્યુરીટી ભરતભાઇએ કહેલું કે રાતે બારેક વાગ્યા સુધી હું જાગતો હતો, પછી ઓફિસમાં સુઇ ગયો હતો. સવારે છ વાગ્યે જોયુ તો બારીનો કાચ તૂટેલો હતો. ગોડાઉનમાંથી રૂા. ૪,૭૫,૨૦૦નીતલની ૧૦૮ ગુણીઓ ચોરાઇ ગયાનું માલુમ પડ્યું હતું. એક ગુણીમાં ૨૦ કિલો તલ હોય છે. કોઇ તસ્કરો વાહન લઇ આવી બારી તોડી તલની ગુણીઓ ચોરી ગયા હોઇ અમે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં સંજીવકુમારે કહેતાં પોલીસ ઇન્સ્પેકટર બી. પી. રજયાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ ખોડુભા વી. જાડેજાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ ચોરીમાં કોઇ જાણભેદુનો હાથ હોવાની શક્યતા પણ પોલીસ ચકાસી રહી છે. ચોર નિરાતે એકસો આઠ ગુણી તલ ભરી ગયા ત્યાં સુધી ચોકીદારની ઉંઘ ન ઉડી તે પણ ચોંકાવનારી બાબત છે. હાલ કુવાડવા પોલીસની સાથે સાથે એલસીબી, ડીસીબીની ટીમો પણ આ ભેદ ઉકેલવા મથામણ કરી રહી છે.

### સૌરાષ્ટ્રભરના દર્દીઓ જ્યાં નિદાન-સારવાર માટે આવે છે ત્યાં ઘણીવાર મળે છે ધુત્કાર, ફીટકાર અને ઉધ્ધતાઈ

# સિવિલમાં દર્દીના સગાને ‘દાઝ્યા પર ડામ’

## ઈમર્જન્સીમાં લાવ્યા પછી કોઈ ભાવ પુછાયો નહિ, ચોથા માળે વોર્ડમાં ગયા તો નર્સએ પણ દર્દીના બહેન એવા ગાયીકા-લોકસાહિત્યકાર સાથે કર્યુ બેહુદુ વર્તનઃ વિડીયો થયો વાયરલઃ નર્સએ તુકારો દેતાં વાત વધુ વણસી







રાજકોટ તા. ૨૯

અહિની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં માત્ર રાજકોટ શહેરના નહિ જીલ્લાન અને સૌરાષ્ટ્રભરના દર્દીઓ દરરોજ મોટી સંખ્યામાં સારવાર નિદાન માટે આવે છે. અહિ અનેકવિધી સુવિધાઓ છે. પરંતુ ખાટલે મોટી ખોટ વારંવાર દર્દીઓ અને તેમના સગાને કોઈને કોઈ વિભાગમાં નર્સિંગ સ્ટાફ કે પછી ડોક્ટર કે પછી સિક્યુરીટી કે બીજા કોઈ સ્ટાફને કારણે હેરાન પરેશાન થતું રહેવું પડે છે. આ વાતની પ્રતીતી કરાવતી ઘટનાઓ સમયાંતરે સામે આવતી રહે છે. આવી જ વધુ એક ઘટના બની છે જેમાં એક લોકગાયીકા લોકસાહિત્યકાર મહિલાને ખુબ કડવો અનુભવ થયો છે. તેમણે વિડીયો સોશિયલ મિડીયામાં પોસ્ટ કરી પોતાની સાથે શું બન્યું તેની વિતક વર્ણવી સિવિલ હોસ્પિટલ તંત્ર ઉપર વધુ એક વખત માછલા ધોયા છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ચાર પાંચ મહિના પહેલા લોકસાહિત્યકાર હકાભા ગઢવીએ પોતાના એક સગાને સારવાર માટે અહિ લાવ્યા ત્યારે કેવો કડવો અનુભવ થયો તેની વાત વિડીયો સ્વરૂપે રજૂ કરી તંત્ર પર આક્ષેપો કર્યા હતાં. હવે ફરી એકવાર સિવિલ હોસ્પિટલ વિવાદના વમળમાં આવી છે. ગાયીકા અને લોક સાહિત્યકાર મીરાબેન આહિરને પણ સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટ અને બેદરકાર સ્ટાફનો ભોગ બનવું પડ્યું છે. મીરાબેન આહિરે સિવિલ હોસ્પિટલ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવતો વીડિયો બનાવી સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કર્યો છે. જેમાં સ્ટાફ દ્વારા અભદ્ર વર્તન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ગાયીકા મીરાબેન આહિરે વહેતા કરેલા વીડિયોમાં જણાવ્યું છે કે હું મારા ભાઈને એક્ટીવા સ્લીપ થઈ જતાં ઈજા થવાને કારણે સિવિલ હોસ્પિટલમાં લઈને પહોંચી હતી. અહિ ઈમર્જન્સી વિભાગમાં અમને લગભગ ૪૫ મિનીટ સુધી રાહ જોવડાવાઈ હતી.

અહિ કોઈપણ સ્ટાફ દ્વારા મારા ભાઈનો કેસ લખવામાં આવ્યો નહોતો. એ પછી અમારો સમય થઈ ગયો, અમારો જમવાનો સમય થઈ ગયો છે તેમ કહેવાતાં અમે જાતે જ અમારા ભાઈને ચોથા માળે લઈ ગયા હતાં. અહિ વોર્ડમાં પણ મેડમ દ્વારા જેવા તેવા શબ્દો વાપરવામાં આવ્યા હતાં અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરાયો હતો. સામાન્ય લોકો સાથે સ્ટાફ આવુ વર્તન કરે તો ગરીબ લોકો ક્યાં જાય? અહિનો સ્ટાફ પબ્લીકની સેવા માટે છે કે કેમ? આ બાબતનો અમારે જવાબ જોઈએ છે. તારાથી જે થાય એ કરી લે જેવા અયોગ્ય શબ્દો પણ કહેવામાં આવ્યા હતા. આ ઘટનાથી વ્યથિત થઈને મારે સોશિયલ મીડિયા પર વીડિયો મુકવો પડ્યો છે. આ વિડીયોઅ ને હોસ્પિટલ સ્ટાફ દ્વારા થયેલા કહેવાતા ગેરવર્તનની ભારે ચર્ચા જાગી છે અને મીરાબેનનો વિડીયો ખુબ વાયરલ થયો છે.

તેમણે કહ્યું કે આવા વર્તનને કારણે સિવિલ હોસ્પિટલની કામગીરી પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. અગાઉ અનેક વખત સિવિલ હોસ્પિટલ તેની બેદરકારી અપૂરતી સુવિધાઓ, સ્ટાફના ગેરવર્તન જેવી બાબતે વિવાદો સામે આવી ચુક્યા છે. ત્યારે વધુ એકવાર આ પ્રકારની ઘટના સામે આવતા લોકોમાં પણ ચર્ચા જાગી છે. હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી ખરેખર શું બન્યું તેની તપાસ કરી જવાબદાર સામે દાખલારૂપ કાર્યવાહી કરશે તો ભવિષ્યમાં આવા કિસ્સાઓ નહિ બને તેમ લોકોનું કહેવું છે. બીજો એક વિડીયો વાયરલ થયો છે તેમાં દર્દીના સગા વોર્ડમાં ફરજ પર રહેલા નર્સને પુછી રહ્યા છે કે-ઈમર્જન્સી કોને કહેવાય તે કહો, ઈમર્જન્સી કોને કહેવાય? ઈમર્જન્સી માટે દસ કલાક રાહ જોવાની? તેવું પુછતાં નર્સ દ્વારા તું આવી એને દસ કલાક થઈ પહેલા? એવુ સામે પુછે છે પછી બંને પક્ષ વચ્ચે દેકારો મચી જાય છે. આ વખતે નર્સ સિક્યુરીટીને બોલાવાનું કહે છે. સિક્યુરીટી પણ વિડીયોમાં દેખાય છે.

બીજી તરફ દર્દીના સગા અને નર્સ વચ્ચે સતત ઉગ્ર બોલાચાલી થતી રહે છે અને હજી મોડુ થશે એવુ નર્સ દ્વારા કહેવાતું સંભળાય છે. આ પછી પણ ભારે ઉગ્ર બોલાચાલી થઈ રહી છે. તું અહિથી જવા દે જેવા શબ્દો પણ બોલવામાં આવી રહ્યા છે. અન્ય એક વિડીયોમાં વૈશાલીબેન આહિર પણ પોતાના ભાઈની સારવારમાં સિવિલ હોસ્પિટલમાં કેવી બેદરકારી દાખવાવમાં આવી અને કેવું વર્તન સ્ટાફ દ્વારા થયું? તેની વાત કરવામાં આવી રહી છે. આ બનાવમાં જવાબદાર કોણ છે? તબિબી અધિક્ષક કેવા પગલા લેશે? તે તરફ સૌની નજર છે. જો કે અગાઉ પણ આવા કિસ્સા બની ચુક્યા છે તેમાં પણ કોઈ કડક કાર્યવાહી થઈ ન હોઈ તેના કારણે અમુક કર્મચારીઓ પેધી ગયાની ખુદ સ્ટાફમાં જ ફરિયાદો થઈ રહી છે.

# હિરાસર એરપોર્ટ પર કાર્ગો સેવા શરૂ

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છના વેપારીઓને થશે અઢળક લાભ



રાજકોટ, તા. ૨૯

અંતે લાંબી મહેનત બાદ રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કાર્બો કામગીરીને મંજૂર કરવામાં આવી છે ત્યારે હવે એરલાઈન્સ દ્વારા ગમે તે સમયે કાર્ગો અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ નિર્ણયથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના વેપારીઓને ઘણો ફાયદો અને લાભ થશે. અગાઉ વિવિધ ઔદ્યોગિક એસોસિએશન દ્વારા કાર્ગો સેવા શરૂ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી જેમાં ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું કે જો કાર્ગો સેવા શરૂ કરવામાં આવે તો હાલ પરિવહનને લઈને જે પ્રશ્નો ઊભા થયા છે તેનું ત્વરિત નિવારણ આવી શકે વિવિધ રજૂઆતોને ધ્યાને લઈ તાજેતરમાં એરપોર્ટ ખાતે બ્યુરો ઓફ સિવિલ એવીએશન એડવાઈઝરી કમિટીની બીજી બેઠક મળી હતી, જેમાં ચાલુ માસના અંત સુધીમાં કાર્ગો સુવિધા શરૂ કરવામાંના નિર્દશ આપવામાં આવ્યા હતા.

બ્યૂરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી અમદાવાદના રિજનલ ડિરેક્ટર અને તેમની ટીમે ૧૮ જુલાઈએ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની મુલાકાત લીધી હતી અને પેસેન્જર ટર્મિનલ દ્વારા કાર્ગો સર્વિસ તેમજ સુરક્ષા તપાસ સહીતની બાબતોની ચકાસણી કરી હતી. બ્યૂરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીની ટીમે રીપોર્ટ આપ્યા બાદ હવે કાર્ગો કામગીરી માટે મંજૂરી આપવામાં આવી હતી જેથી આવતીકાલથી જ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપરથી પેસેન્જર ટર્મિનલ દ્વારા કાર્ગો સેવાઓ શરૂ કરવામાં આવશે. આખરે રાજકોટના ઉદ્યોગકારો અને વેપારીઓની માગણીનો અંત આવ્યો છે.કાલથી રાજકોટ હીરાસર એરપોર્ટ પરથી કાર્ગોની સેવા શરૂ થવા જઈ રહી છે. કાર્ગો સર્વિસ બંધ હોવાના લીધે લાંબા સમયથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રની ઈન્ડસ્ટ્રીઝ અને વેપારીઓને મુશ્કેલી પડી રહી હતી. જૂના એરપોર્ટ પર કાર્ગો સુવિધા શરૂ કરાઈ હતી ત્યારબાદ હીરાસર એરપોર્ટ ખાતે કાર્ગોની સેવા બંધ થઈ ગઈ હોવાના લીધે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી વેપારીઓ અને ઉદ્યોગકારો માટે માલસામાન હાઈવે માર્ગે અમદાવાદ સુધી પહોંચાડવો પડતો હતો.

એરપોર્ટ ઓથોરિટીએ પેસેન્જર ટર્મિનલ દ્વારા કાર્ગો કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. એરલાઈન્સ દ્વારા કાલથી ગમે ત્યારે કાર્ગો કામગીરી શરૂ કરવામાં આવશે સત્તાવાર રીતે જાહેરાત કરી છે. હીરાસર એરપોર્ટ ઉપ થી કાર્ગો સર્વિસ માટેનો કોન્ટ્રાક્ટ અપાઈ ગયો છે. અને અમદાવાદથી બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીની ટીમે એરપોર્ટના ટર્મિનલની વિઝિટ અને નિરીક્ષણ કર્યા બાદ કાર્ગો ઓપરેશન શરૂ કરવા મંજુરી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કાર્ગો ટર્મિનલ હંગામી ધોરણે બનાવાયેલા પેસેન્જર ટર્મિનલ પરથી શરૂ થશે. સૌથી મોટી રાહત રાજકોટના ઝવેરીઓને થઈ છે. જોખમી માલસામાન મોકલવા માટે વાહન માર્ગે મોકલવામાં આવતો હતો જના કારણે ઘણી વખત લૂંટ જેવી ઘટનાઓ બનતી હોવાથી ઝવેરીઓમાં ફફડાટ રહેતો હતો. સોના-ચાંદીના દાગીના તથા ઈમિટેશન જવેલરી માટે રાજકોટ હબ ગણાય છે ત્યારે દેશ-વિદેશના જુદા જુદા સેન્ટરમાં ૧૦થી ૧૨ ટન માલ મોકલવામાં આવતો હોય છે.






ખીરસરા સેવા સહકારી મંડળીના ડાયરેક્ટર નરશીભાઈ વેકરિયા (મેટોડા) રક્તદાન કરતા નજરે પડે છે. ત્યારે તેમની સાથે ખીરસરા સહકારી મંડળીના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, લોધિકા તાલુકા ભાજપ ઉપપ્રમુખ મુકેશભાઈ કમાણી અને ખીરસરા મંડીળી સભ્ય પ્રવીણસિંહ ડાભી (ભીખુભા) નજરે પડે છે.

# સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ

## લોધિકા સહકારી પરિવાર-લોધિકા તાલુકા ભાજપ દ્વારા હાથ ધરાયું આયોજન

રાજકોટ તા. ૨૯

ગઈકાલે વિઠ્ઠલભાઈ રાદડિયાની છઠ્ઠી પૂણ્યતિથિ નિમિત્તે વિવિધ સ્થળો પર મહારક્તદાન કેમ્પ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બહોળી સંખ્યામાં સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાના વિચારોથી પ્રભાવિત ઘણાખરા લોકો જોડયા હતા. ત્યારે ગઈકાલે લોધિકા સહકારી પરિવાર તેમજ લોધિકા તાલુકા ભાજપ દ્વારા મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, પોરબંદરના પૂર્વ સાંસદ સભ્ય અને ખેડૂતો માટે જેઓને છોટે મશિહા સરદારનું બિરૂદ જેમને મળ્યું તેવા સૌરાષ્ટ્રના ખેડૂત નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાની પૂણ્યતિથિ નિમિત્તે લેઉઆ પટેલ સમાજ વાડીમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાના સુપુત્ર અને રાજકોટ જિલ્લા બેંકના ડાયરેક્ટર લલિતભાઈ રાદડિયા તથા રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

### દેશી-વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ : ત્રણ સ્થળે DCB, PCB ત્રાટકી

# બેડી પાસે લાખોનો દારૂ ભરેલી સ્કોર્પિયો ઝડપાઈ

## ભોજલરામનો શખ્સ પકડાયોઃ હુડકો, ટંકારાના ડેનીશ, લાલાની શોધખોળઃ કુલ ઓગણીસ લાખનો મુદ્દામાલ કબ્જે થયો : રતનપરમાં બે શખ્સ ફલેવરવાળા દેશી દારૂના પાઉચ બનાવતા પકડાયાઃ દારૂ મોકલનાર, લાવનારાની શોધખોળ : પીસીબીની ટીમે માંડાડુંગર પાસે ઘરમાંથી પકડ્યા ૩૬ હજારના ‘ચપલા’ઃ ભાગી ગયેલા ભુરાની શોધખોળ

રાજકોટ તા. ૨૯

શહેર પોલીસ દ્વારા દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર સતત ધોંસ બોલી રહી છે. વધુ એક દરોડામાં ક્રાઈમ બ્રાંચની ટીમે બેડી ચોકડી નજીક રેડ રોઝ હોટલ પાસે બાતમીને આધારે રૂપિયા ચાર લાખ તેર હજારનો દારૂ ભરેલી સ્કોર્પિયો સાથે ભોજલરામ સોસાયટીના એક શખ્સને પકડી લીધો હતો. જ્યારે મંગાવનાર અને મોકલનારના નામ ખુલતાં તેની શોધખોળ થઈ રહી છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચે મોરબી રોડના રતનપરમાં એક મકાનમાં દરોડો પાડી ફલેવરવાળા દેશી દારૂના પાઉચ બનાવીને વેંચતા બે શખ્સને દબોચ્યા હતાં. જ્યારે દારૂ મોકલનારા અને હેરાફેરી કરનારાના નામ ખુલ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો ક્રાઈમ બ્રાંચની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે રાજકોટ મોરબી હાઈવે પર બેડી ચોકડીથી જુના જકાતનાકા તરફ રેડ રોઝ હોટલ પાસે બાતમીને આધારે વોચ રાખી જીજે૦૩પીજે-૦૦૭૭ નંબરની સ્કોર્પીયો આંતરી લઈ તેમાંથી રૂા. ૪,૧૩,૦૮૮નો ૭૯૮ બોટલ દારૂ કબ્જે કરી કોઠારીયા રોડ ભોજલરામ સોસાયટી-૫ના સોહિલ સલિમભાઈ પલેજાને પકડી લીધો હતો. આ દારૂ હુડકો ક્વાર્ટરના ડેનીશ અશ્વીનભાઈ પરમારના કહેવાથી સોહિલ ટંકારા નજીકથી ડેનીશના મિત્ર લાલા પાસેથી આ દારૂ ભરી લાવ્યાનું ખુલતાં આ બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. હેડકોન્સ. વિશાલભાઈ દવે તથા દિલીપભાઈ બોરીચા અને જયરાજસિંહ કોટીલાને મળેલી બાતમી પરથી બેડી ચોકડી નજીક રેડ રોઝ હોટલ પાસે વોચ રાખી દારૂ ભરેલી આ સ્કોર્પીયો પકડી લેવામાં સફળતા મળી હતી.

પોલીસે સ્કોર્પિયો ગાડીમાં ચાલક બેઠો હોઈ પુછતાછ કરતાં પોતાનું નામ સોહીલ સલીમભાઈ પલેજા જણાવ્યું હતું. પાંત્રીસ વર્ષનો આ શખ્સ વાહન લે વેંચનું કામ કરે છે. ખેપ મારવા બદલ તેને પૈસા મળ્યા હોઈ તે ટંકારાથી દારૂ ભરીને લાવ્યો હોવાનું રટણ કર્યુ હતું. સ્કોર્પિયોમાં કારની વચ્ચેની સીટ, પાછળની સીટમાં દારૂના બોક્સ રાખેલા હતાં. ગણત્રી કરતાં ઓલ સીઝન્સ, રોયલ ચલેન્જ સહિતની બ્રાન્ડનો ૪,૧૩,૦૮૮નો ૭૯૮ બોટલ દારૂ મળતાં તે તથા ૨૦ હજારનો મોબાઈલ, ૧૫ લાખની સ્કોર્પીયો સહિત મળી ૧૯,૩૩,૦૮૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા શખ્સની



પુછતાછમાં ડેનીશ અને લાલાના નામ ખુલ્યા હતાં. આ શખ્સ ટંકારા પાસેથી દારૂ ભરી લાવ્યો હતો.

ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પીએસઆઈ વી. ડી. ડોડીયા, દિપકભાઈ ચોહાણ સહિતે આ કામગીરી કરી હતી. આ



ઉપરાંત ઉપરોક્ત ટીમે જ મોરબી રોડ પર રતનપર રામ મંદિર પાછળ સ્વામિનારાયણ ગુરૂકુળના રસ્તે આવેલા એક મકાનમોં દરોડો પાડી અલગ અલગ ફલેવરનો દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને પકડી લઈ રૂા. ૧,૧૦,૪૦૦નો ૫૫૦ લિટર દેશી દારૂ કબ્જે કર્યો હતો. આ દારૂમાં ઓરેન્જ ફલેવર ભેળવી પાઉચ બનાવી વેંચવામાં આવતાં હતાં. પોલીસે પાઉચ બનાવવા માટેનાં ઈલેક્ટ્રીક સીલીંગ મશીન બે નંગ, પ્લાસ્ટકીના પાઉચ બનાવવાના ૧૪ રોલ, ટીનનું તપેલુ, દારૂની હેરાફેરી કરવા માટે વપરાતી રિક્ષા જીજે૦૩એનડી-૮૦૫૫, બે ટુવ્હીલર, બે મોબાઈલ ફોન મળી ૩,૨૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અહિથી ઝડપાયેલા શખ્સોએ પોતાના નામ માનસિંગ હરેશભાઈ રીબડીયા અને રવિ ચંદ્રશેખર મંડલ ને પકડી લીધા હતાં. માનસિંગ રતનપરનો રહેવાસી છે અને રવિ મુળ એમપીનો છે હાલ બેડી ચોકડી કાલ ભૈરવના મંદિર પાસે ઝૂપડામાં રહે છે. અન્ય બે શખ્સો કેવલ ઉર્ફ કાનો અને પરેશ સુનરાના નામ ખુલ્યા હતાં. કેવલ રિક્ષામાં દારૂ લાવ્યો હતો અને અને પરેશે આ જથ્થો મોકલ્યો હતો. આમ દેશી વિદેશીના ધંધાર્થીઓ પર ધોંસ બોલી ગઈ હતી.

અન્ય એક દરોડામાં શહેર પીસીબીની ટીમે વિદેશી દારૂનો જથ્થો પકડી લીધો હતો. ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. હરદેવસિંહ રાણાને બાતમી મળી હતી કે ભાવનગર રોડ માંડા ડુંગર પાસે નકલંક પાર્ક-૧માં વિક્રમ ઉર્ફ ભુરો રમેશભાઈ ચાવડાના મકાનમાં દારૂનો જથ્થો ઉતર્યો છે. આ માહિતી પરથી દરોડો પાડવામાં આવતાં રૂા. ૩૬૦૦૦ના રીટ્ઝ રીઝર્વ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૨૪૦ ચપલા મળતાં કબ્જે કર્યા હતાં. વિક્રમ ઉર્ફ ભુરો હાજર ન હોઈ તેની શોધખોળ કરવામાં આવી રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમા ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ. જે. હુણ, પીએસઆઈ પી. બી. ત્રાજીયા, ટીમના સંતોષભાઈ મોરી, મયુરભાઈ પાલરીયા, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગોસ્વામી, ગિરીરાજસિંહ જાડેજા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કલોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમારે આ કામગીરી કરી હતી.